RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 95, Dt.01-07-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં આજથી ત્રણ નવા ફોજદારી કાયદાનો અમલ શરૂ




## અંગ્રેજોના કાયદામાંથી મુક્તિઃ નવા કાયદા અમલી થતાં અનેક કલમો બદલાઈઃ આજથી જે પણ ગુનો નોંધાશે તે નવા કાયદા હેઠળ નોંધવામાં, સાંભળવામાં અને ચલાવવામાં આવશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં આજથી નવી ભારતીય ન્યાયસંહિતા (ન્યુ ક્રિમીનલ લોઝ) લાગુ થઇ ગઇ છે. તે અંતર્ગત રાજધાની દિલ્હીમાં રેંકડીનું દબાણ કરનાર સામે કલમ ૧૭૩ હેઠળ સૌપ્રથમ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) અંતગર્ત સેન્ટ્રલ દિલ્હીના કમલા માર્કેટ પોલીસ મથકમાં નવા કાયદા મુજબ આજે પ્રથમ એફઆઇઆર નોંધાઇ છે. મોડી રાત્રે પેટ્રોલિંગ કરી રહેલી પોલીસની ટીમે જોયું હતું કે નવી દિલ્હી રેલવે સ્ટેશન પાસે એક વ્યક્તિ રસ્તા વચ્ચે રેકડી લગાવી છે. તેના પર પાણી અને ગુટખા વેચી રહ્યો છે. તેના લીધે લોકોને અવર-જવરમાં સમસ્યા ઉભી થઇ રહી છે. ત્યારબાદ પોલીસે આ વ્યક્તિ વિરૂદ્ધ બીએનએસ અંતગર્ત પ્રથમ એફઆઇઆર નોંધી છે.

દેશમાં અગાઉ અંગ્રેજો વખતના કાયદા લાગુ હતા હવે આજથી દેશ પોતાના કાયદા મુજબ ચાલશે. ત્રણ નવા કાયદા આવ્યા બાદ અનેક કલમો બદલાઇ ગઇ છે. ન્યાયસંહિતા ૨૦૨૩, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ અને ભારતીય નાગરિક સુરક્ષાસંહિતા ૨૦૨૩એ આઇપીસી અને સીઆરપીસીની જગ્યા લીધી છે. આજથી જે પણ ગુનો નોંધાશે એ નવા કાયદા હેઠળ નોંધવામાં, સાંભળવામાં અને ચલાવવામાં આવશે.''


વી દિલ્હી રેલ્વે સ્ટેશન પર ફુટ ઓવરબ્રીજમાં દબાણ કરીને રેંકડીધારક દબાણ કરતો હોય, કલમ ૧૭૩ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઉપરાંત ૨૮૫ હેઠળ પણ આરોપ મુકવામાં આવ્યો છે. એફઆઇઆરમાં જણાવ્યા મુજબ આરોપી મુખ્ય રોડ પર રેંકડીમાં તમાકુ ઉત્પાદન અને પાણી વેંચી રહ્યા હતા. તેનાથી રાહદારીઓને મુશ્કેલી પડતી હતી. પોલીસે આ ફેરીયાને સુચના આપી હતી પરંતુ તેનું પાલન ન કરતા ગુનો નોંધવામાં આવ્યો છે.

બીએનએસમાં ૩૫૮ કલમ છે. જે આઇપીસીમાં રહેલી ૫૧૧થી ઓછી છે. ૨૧ નવા ગુના દાખલ કરવામાં આવ્યા છે. ૪૧ ગુના માટે જેલવાસની મુદ્દત વધારી દેવામાં આવી છે. ૮૨ ગુના માટે દંડ વધારાયો છે. ૨૫ ગુનામાં ઓછામાં ઓછી સજા અને છ અપરાધોમાં સામુદાયિક સેવા શરૂ કરવામાં આવી છે. ૧૯ કલમો દુર કરવામાં આવી છે.

# મોંઘવારીમાં રાહતઃ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં રૂા.૩૧નો ઘટાડો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મોંઘવારીના મોરચે થોડી રાહત મળી છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ફેરફાર કર્યો છે. ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં આજથી ૩૧ રૂપિયાનો ઘટાડો થયો છે. હવે દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડર ૧૬૭૬ રૂપિયાના બદલે ૧૬૪૬ રૂપિયામાં મળશે. આ સિલિન્ડર હવે કોલકાતામાં ૧૭૫૬ રૂપિયામાં ઉપલબ્ધ છે, પહેલા તેની કિંમત ૧૭૮૭ રૂપિયા હતી.



મુંબઈમાં સિલિન્ડરની કિંમત ૧૬૨૯ રૂપિયાથી ૩૧ રૂપિયા ઘટીને ૧૫૯૮ રૂપિયા થઈ ગઈ છે. ચેન્નાઈમાં સિલિન્ડર ૧૮૦૯.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ છે. જોકે, ૧૪.૨ ઊિંગ્રઃઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે દિલ્હીમાં ઈ ૮૦૩ અને મુંબઈમાં ઈ ૮૦૨.૫૦માં ઉપલબ્ધ છે.

ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેમાં છેલ્લે ૯ માર્ચ, ૨૦૨૪ના રોજ ફેરફાર કરવામાં આવ્યો હતો અને તેના દરમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. હવે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ દિલ્હીમાં ૮૦૩ રૂપિયા, કોલકાતામાં ૮૨૯ રૂપિયા, મુંબઈમાં ૮૦૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૮૧૮.૫૦ રૂપિયા છે. ૧ જૂન ૨૦૨૩ઙ્ક રોજ દિલ્હીમાં ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમત ૧૧૦૩ રૂપિયા હતી. કંપનીઓએ ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ તેમાં ૨૦૦ રૂપિયાના મોટા ઘટાડાનું એલાન કર્યું અને પછી કિંમત ઘટીને ૯૦૩ રૂપિયા થઈ ગઈ. આ પછી, ફરીથી ૯ માર્ચ, ૨૦૨૪ ના રોજ, કંપનીઓએ તેની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં સાર્વત્રિક મેઘમહેરઃ માણાવદરમાં મેઘરાજાની સટાસટીઃ ૧૦ ઈંચ વરસાદ વરસ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ગઇકાલથી સાર્વત્રિક મેઘમહેર થતાં સૌના હૈયે ટાઢક થઇ છે. જુનાગઢ જીલ્લાના માણાવદરમાં આભ ફાટ્યું હોય તેમ ૧૦ ઇંચ વરસાદ વરસ્યો છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘરાજા રિઝયા છે અને ખંભાળીયા વિસાવદર ૭ ઇંચ, દ્વારકા મેઘરાજા મહેરબાન થયા છે અનેક વિસ્તારોમાં ઝાપટાથી માંડીને બે ઇંચ સુધી વરસાદ પડયો છે.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

જુનાગઢ જિલ્લામાં મોડી રાત્રીથી મેઘો મંડાયો છે અને તેમાં માણાવદર પંથકમાં આભ ફાટયું હોય એવી સ્થિતિ સર્જાયેલ છે. માણાવદર અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૦ ઇંચ વરસાદ થતાં સર્વત્ર પાણી પાણી થઈ ગયું છે.

રવિવારે હળવાથી ભારે વરસાદના ઝાપટા વરસ્યા બાદ રાત્રિના બે વાગ્યાથી મેઘરાજાએ આળસ મરડી છે. સમગ્ર જૂનાગઢ જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા છે. માણાવદર તાલુકામાં રાત્રિના બે વાગ્યા થી મેઘાએ મંડાણ કર્યા છે. અને થાકયા વગર સતત વરસી રહ્યા હોવાથી માણાવદર પંથકમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાયેલ છે. રાત્રિના બે વાગ્યાથી વાગ્યા થી છ વાગ્યા સુધીમાં માણાવદર ખાતે ૨૧૦ મિમી એટલે કે આઠ ઈંચ કરતા વધારે પાણી પડ્યાનું નોંધાયું હતું. આ પછી પણ આજે બીજા દિવસે માણાવદર વિસ્તારમાં વરસાદ ચાલુ હોવાથી સવારના ૬ થી ૮ દરમિયાન વધુ ૩૬ મીમી વરસાદ થતાં અત્યાર સુધીમાં એટલે કે રાત્રે ના બે વાગ્યાથી સવારના ૮ વાગ્યા સુધીમાં ૧૦ ઇંચ કરતા વધારે વરસાદ થયો છે જેના પરિણામે જનજીવનને ભારે અસર થઈ છે. માણાવદર તાલુકામાં મોડી રાત્રીથી મેઘો મંડાયો હોય નદી નાળાઓમાં પુર આવ્યા છે. સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન વંથલી તાલુકામાં ૧૫૪ મીમી, વિસાવદરમાં ૧૦૩ મીમી, મેંદરડા ખાતે ૧૨૮ મીમી, કેશોદમાં ૭૦ મીમી, માંગરોળમાં ૩૦મીમી અને માળીયાહાટીના તાલુકામાં ૫૫ મીમી વરસાદ નોંધાયો હતો.

# ચૂંટણી બાદ પ્રથમવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં માતાને નામે એક વિશેષ અભિયાન શરૂ કરવાનો કર્યો ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણી બાદ પ્રથમવાર 'મન કી બાત' કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું. આ કાર્યક્રમમાં તેમણે તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણી, માતાના નામે એક વિશેષ અભિયાન, આદિવાસીઓના 'હુલ દિવસ', કુવૈતમાં હિન્દીમાં રેડિયો કાર્યક્રમ, ઓલમ્પિક ગેમ્સ, વિદેશમાં રવિન્દ્ર ટાગોરના સન્માન અને ભારતીય પેદાશોની વિશ્વમાં વધતી માગ જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો.



વડાપ્રધાને ચૂંટણી અંગે વાત કરતા કહ્યું કે, ''આજે હું દેશવાસીઓનો આભાર માનું છું કે તેઓએ આપણા બંધારણ અને દેશની લોકતાંત્રિક પ્રણાલીમાં તેમનો અતૂટ વિશ્વાસ પુનરાવર્તિત કર્યો છે. ૨૦૨૪ની ચૂંટણી વિશ્વની સૌથી મોટી ચૂંટણી હતી. આટલી મોટી ચૂંટણી ક્યારેય કોઈ દેશમાં થઈ નથી. આ માટે હું ચૂંટણી પંચ અને મતદાન પ્રક્રિયા સાથે જોડાયેલા દરેકને અભિનંદન આપું છું.

આજના દિવસના ઇતિહાસ વિશે વાત કરતા પીએમ મોદીએ 'હૂલ દિવસ' અંગે વાત કરી હતી. તેમણે કહ્યું કે, ''આજે, ૩૦મી જૂન, ખૂબ જ મહત્વપૂર્ણ દિવસ છે. આપણા આદિવાસી ભાઈ-બહેનો આ દિવસને 'હુલ દિવસ' તરીકે ઉજવે છે. આ દિવસ બહાદુર સિદ્ધો-કાન્હુની અદમ્ય હિંમત સાથે સંકળાયેલો છે, જેમણે વિદેશી શાસકો સામે લડત આપી હતી અને અત્યાચારનો ઉગ્ર વિરોધ કર્યો હતો.

આ પછી વડાપ્રધાન મોદીએ પોતાની માતાનો ઉલ્લેખ કરતા એક વૃક્ષ વાવવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે, ''જો હું તમને પૂછું કે દુનિયાનો સૌથી અમૂલ્ય સંબંધ કયો છે, તો તમે ચોક્કસ કહેશો - માતા. આપણા બધાના જીવનમાં 'મા'નો દરજ્જો સર્વોચ્ચ છે. માતાને આપણે કંઈ આપી શકતા નથી, તો આપણે તેમના માટે બીજું કંઈ કરી શકીએ? આને ધ્યાનમાં રાખીને આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ પર 'માતાના નામે એક વૃક્ષ' નામે વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, મેં મારી માતાના નામે એક વૃક્ષ પણ વાવ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે કુવૈત સરકારે તેના રાષ્ટ્રીય રેડિયો પર હિન્દીમાં એક વિશેષ કાર્યક્રમ શરૂ કર્યો છે . જે 'કુવૈત રેડિયો' પર દર રવિવારે અડધો કલાક પ્રસારિત થાય છે. આપણી ફિલ્મો અને કલા જગત સાથે સંબંધિત ચર્ચાઓ કુવૈતી ભારતીય સમુદાયમાં ખૂબ જ લોકપ્રિય છે. મને અહીં સુધી કહેવામાં આવ્યું છે કે કુવૈતના સ્થાનિક લોકો પણ તેમાં ઘણો રસ લઈ રહ્યા છે. આ અદ્ભુત પહેલ કરવા બદલ હું કુવૈતની સરકાર અને લોકોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

'મન કી બાત'માં નરેન્દ્ર મોદીએ તુર્કમેનિસ્તાનનો ઉલ્લેખ પણ કર્યો હતો. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય કવિ રવિન્દ્રનાથ ટાગોરની ૩૦૦મી જન્મજયંતિ આ વર્ષે મે મહિનામાં તુર્કમેનિસ્તાનમાં ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે તુર્કમેનિસ્તાનના રાષ્ટ્રપતિએ વિશ્વના ૨૪ પ્રખ્યાત કવિઓની પ્રતિમાઓનું અનાવરણ કર્યું હતું. આમાંની એક પ્રતિમા ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરની છે. આ ગુરુદેવ માટે આદર છે, ભારત માટે આદર છે.આ પછી વડાપ્રધાને ભારતમાં બનેલા ઉત્પાદનો વિશે વાત કરી. તેમણે કહ્યું કે ભારતની ઘણી એવી પ્રોડક્ટ્સ છે જેની સમગ્ર વિશ્વમાં ખૂબ જ માંગ છે અને જ્યારે આપણે ભારતની કોઈપણ સ્થાનિક પ્રોડક્ટને વૈશ્વિક સ્તરે જતા જોઈએ છીએ ત્યારે ગર્વ થવું સ્વાભાવિક છે. દરમિયાન વડાપ્રધાને આંધ્રપ્રદેશની અરાકુ કોફી, જમ્મુ-કાશ્મીરના સ્નો પીસ, કેરળના કાર્થુમ્બી છત્રી વગેરેની સમગ્ર વિશ્વમાં લોકમાગ વિશે પણ ચર્ચા કરી હતી.

# વાવાઝોડાને કારણે વિશ્વ વિજેતા ટીમ ઈન્ડિયા બાર્બાડોસમાં ફસાઈઃ કાલે ભારત પરત ફરશે

**મુખ્ય સમાચાર, બાર્બાડોસ**

ટી-૨૦ વર્લ્ડ કપ વિજેતા વાવાઝોડાના કારણે વેસ્ટ ઇન્ડિઝના બાર્બાડોસમાં ફસાયેલી છે. આ દરમ્યાન હવે ટીમ ઇન્ડિયા કાલે તા. ૨ના રોજ નવી દિલ્હી પહોંચી શકશે તેવા અહેવાલ છે. બાર્બાડોસમાં ખરાબ વાતાવરણના કારણે ફલાઇટના સમયમાં ફેરફાર થઇ શકે છે.



અગાઉના કાર્યક્રમ મુજબ આજે ખેલાડીઓ ન્યુયોર્ક જવાના હતા. ત્યાંથી ફલાઇટ દ્વારા દુબઇ જવાનું છે પરંતુ આ શેડયુલ પ્રભાવિત થયો છે. અહેવાલમાં જણાવ્યું છે કે ટીમ ઇન્ડિયા કાલે પ્રાઇવેટ ફલાઇટ મારફત ભારત રવાના થશે. ભારત આવ્યા બાદ નવી દિલ્હીમાં ટીમ સીધી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા જશે. ભારત ફાઇનલ જીત્યુ તે રાત્રે જ વડાપ્રધાને તેમને અભિનંદન આપ્યા હતા.

બાર્બાડોસમાં હવામાન વધુ ખરાબ થઇ ગયું છે. આથી ટીમ ઇન્ડિયા મંગળવારે દિલ્હી પહોંચી શકે છે. રોમાંચક ફાઇનલમાં ભારતે દક્ષિણ આફ્રિકાને શનિવારે હરાવ્યું હતું. શાનદાર ઇનિંગ રમનાર વિરાટ કોહલી મેન ઓફ ધી મેચ થયો હતો. જસપ્રિત બુમરાહ અને હાર્દિક પંડયાની બોલીંગે પાસુ પલ્ટી નાખ્યુ હતું. સુર્યકુમાર યાદવે ડેવીડ મીલરનો પકડેલો કેચ ટર્નિંગ પોઇન્ટ સાબિત થયો હતો. પૂરા દેશમાં હજુ આ જીતની ઉજવણી ચાલુ છે. વડાપ્રધાને ફોન ઉપર પણ ટીમ ઇન્ડિયાના સદસ્યો સાથે વાત કરી હતી. રોહિત શર્માને શાનદાર કપ્તાની બદલ અભિનંદન આપ્યા હતા. તેમને કોહલીના યોગદાનને પણ વધાવ્યું હતું. મુંબઇમાં ટીમ ઇન્ડિયાના રોડ-શોની પણ તૈયારી થઇ છે.

# કાળા નાણાં પરના અંકુશ માટે ભારતની પ્રોત્સાહક કામગીરી

## ભારતને અમુક બિન-નાણાકીય ક્ષેત્રોમાં પગલાં મજબૂત કરવાની જરૂરઃFATF: સારા રેટિંગથી ભારતને વૈશ્વિક નાણાકીય બજારો સુધી તેની પહોંચ સુધારવામાં મદદ મળશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કાળું નાણું સફેદ થતું અટકાવવા માટે વિશ્વવ્યાપી દેખરેખ કરતી સંસ્થા ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) એ કહ્યું છે કે ભારતે તેની માર્ગદર્શિકા અનુસાર ઉચ્ચ સ્તરીય તકનીકી અનુપાલન સ્તર પ્રાપ્ત કર્યું છે. પરંતુ તેણે કેટલાક બિન-નાણાકીય ક્ષેત્રોમાં નિવારક પગલાં લાગુ કરવા અને દેખરેખને મજબૂત કરવા માટે વધુ કરવું જોઈએ.



ટાસ્ક ફોર્સે એક સંક્ષિપ્ત નિવેદનમાં, ભારતને નિયમિતપણે દેખરેખ હેઠળની શ્રેણીમાં મૂક્યું છે અને કહ્યું છે કે તેણે મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ સંબંધિત કેસોમાં મુકદ્દમાના વહેલા નિકાલ માટે પગલાં લેવાની જરૂર છે.

કેન્દ્રીય નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ટાસ્ક ફોર્સના મૂલ્યાંકનમાં ભારતનું પ્રદર્શન આપણા ઝડપથી વિકસતા અર્થતંત્ર માટે ખૂબ જ ફાયદાકારક છે કારણ કે તે આપણી નાણાકીય વ્યવસ્થાની એકંદર સ્થિરતા અને અખંડિતતાને પ્રતિબિંબિત કરે છે.

ટાસ્ક ફોર્સને કોઈપણ કાયદા દ્વારા સમર્થન ન હોવા છતાં, વૈશ્વિક રોકાણકારો તેના તારણોને ખૂબ મહત્વ આપે છે. ટાસ્ક ફોર્સએ પોતાના એસેસમેન્ટ રિપોર્ટમાં ભારત વિશે આ વાત કહી છે. રિપોર્ટમાં મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ જેવા મુદ્દાઓ સાથે વ્યવહાર કરવા માટે ભારત દ્વારા લેવામાં આવેલા પગલાંની અસરકારકતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

નાણા મંત્રાલય માને છે કે સારા રેટિંગથી ભારતને વૈશ્વિક નાણાકીય બજારો અને સંસ્થાઓ સુધી તેની પહોંચ સુધારવામાં મદદ મળશે. તેનાથી રોકાણકારોનો ભારત તરફનો વિશ્વાસ પણ વધશે.

ટાસ્ક ફોર્સ આકારણીના ચોથા રાઉન્ડમાં, G20 જૂથના ૧૭ દેશોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જેમાંથી ભારત સહિત ચાર દેશોને 'રેગ્યુલર ફોલો અપ' શ્રેણીમાં રાખવામાં આવ્યા છે. જ્યારે જૂથના અન્ય દેશોને 'વધુ ફોલો અપ' શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે.

ટાસ્ક ફોર્સએ કહ્યું છે કે ભારતે અમુક બિન-નાણાકીય ક્ષેત્રોમાં નિવારક પગલાંની દેખરેખ અને અમલીકરણને મજબૂત કરવાની જરૂર છે. તેણે રોકડ આધારિત અર્થવ્યવસ્થામાંથી ડિજિટલ અર્થવ્યવસ્થા તરફ આગળ વધવા સહિત મની લોન્ડરિંગ અને આતંકવાદને ધિરાણ દ્વારા ઉભા થતા જોખમોને ઘટાડવાના ભારતના પ્રયાસોને સ્વીકાર્યા હતા.

# લોનાવાલામાં ખોફનાક ઘટનાઃ પાણીમાં તણાયો આખો પરિવાર, ત્રણના મોત, બે બાળકો ગુમ

**મુખ્ય સમાચાર, મુંબઈ**

પુણેના લોનાવાલામાં પાણીના ઝડપી પ્રવાહમાં આખો પરિવાર તણાયો હોવાની ખોફનાક ઘટના બની છે. આ ઘટનામાં એક ૩૬ વર્ષિય મહિલા સહિત ૧૩ વર્ષની અને આઠ વર્ષની બાળકીના મોત થયા છે. ડેમ પાસેની નદીમાંથી ત્રણેયના મૃતદેહો મળી આવ્યા છે. આ ઉપરાંત ૯ વર્ષનો અને ચાર વર્ષનો બાળક ગુમ હોવાના અહેવાલો મળ્યા છે.



આ ઘટનાનો ખોફનાક વીડિયો પણ સામે આવ્યા છે. તેમાં પાણીના ઝડપી પ્રવાહમાં આખો પરિવાર તણાતો જોવા મળી રહ્યો છે. જ્યાં ઘટના બની ત્યાં આસપાસ ઘણા લોકો હાજર હતા અને આ લોકોએ પરિવારને બચાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન લોકોએ દોરડા ફેંકીને પણ બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે જોતજોતામાં આખો પરિવાર પાણીમાં તણાઈ ગયો હતો.

સ્થાનિક પોલીસે જણાવ્યું કે, આ ઘટનામાં અંસારી પરિવાર ભોગ બન્યો હતો. પરિવારના સભ્યો વરસાદની મોસમમાં ભુશી ડેમ પાસેના ઝરણાંમાં આનંદ લેવા આવ્યો હતો. અમને એવી માહિતી મળી છે કે, આ દરમિયાન અચાનક પુર આવતા આખો પરિવાર પાણીના ઝડપી પ્રવાહની વચ્ચે ફસાઈ ગયો હતો. ત્યાં આસપાસના લોકોએ પણ તેમને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. અહીં કોઈએ દોરડા ફેંક્યા તો કેટલાકે એકબીજાને દુપટ્ટાથી બાંધવાની સલાહ આપી હતી.

ત્યારબાદ થોડી જ સેકન્ડોમાં પરિવારનો એક પછી એક સભ્ય પાણીમાં તણાયો હતો. સ્થાનિક વહિવટીતંત્રના જણાવ્યા મુજબ આ ઘટનામાં એક ૩૬ વર્ષની મહિલા, એક ૧૩ વર્ષની અને બીજી આઠ વર્ષની બાળકીના મૃતદેહો મળી આવ્યા છે. આ ઉપરાંત એક નવ વર્ષના અને ચાર વર્ષના બાળકની શોધખોળ ચાલી રહી છે.

# મોરબી સેશન્સ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો, એસટી બસમાં ઠંડાપીણામાં ઘેનની દવા પીવડાવી લૂંટ કરનાર આરોપીને પાંચ વર્ષની કેદની સજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સેશન્સ કોર્ટમાં વર્ષ ૨૦૧૨ માં એસટી બસમાં યુવકને ઘેનની દવા પીવડાવી રોકડા ૫ હજાર તેમજ મોબાઇલની લૂટનો કેસ ચાલી જતાં મૌખિક અને દસ્તાવેજી પુરાવા તથા સરકારી વકીલની કાયદાકીય દલીલોને આધારે આરોપીને તકસીરવાન ઠેરવી મોરબી પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટના જજ સાહેબ દ્વારા આરોપીને પાંચ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂ.૬ હજારનો દંડની સજાનો આદેશ કરવામાં આવ્યો છે.

કેસની ટૂંક વિગત મુજબ કોડીનાર તાલુકાના આણંદપર ગામના રહેવાસી ભરતગીરી ભાવગીરી ગોસ્વામી



ફેબ્રિકેશનના કામનો કોન્ટ્રાક્ટ રાખતા હોય ત્યારે કચ્છમાં એબીજી સિમેન્ટ ફેક્ટરીમાં ફેબ્રિકેશન કામનો કોન્ટ્રાક્ટ રાખ્યો હોય. ત્યારે ફેબ્રિકેશનનું કામ ચાલુ હોય તે દરમિયાન ગત તા.૩૧ મે ૨૦૧૨ના રોજ રાત્રીના ભરતગીરી પોતાના ગામ જવા માટે ભુજ-વેરાવળ રૂટની એસટી બસમાં બેઠા હતા ત્યારે બાજુની સીટમાં બેસેલ આરોપી નીતિનભાઈ રમેશભાઇ ભટ્ટ સાથે સામાન્ય વાતચીત થઈ હતી, ત્યારબાદ સવારે ૦૧ જૂન ૨૦૧૨ના રોજ એસટી બસ ટંકારા તાલુકાના ગવરીદળ શિવશક્તિ હોટલે લાસ્ટ વોલ્ટ માટે ઊભી રહી હતી ત્યારે બાજુની સીટમાં બેસેલ આરોપીનીતિનભાઈ રમેશભાઇ ભટ્ટ એ થમ્સઅપ ઠંડાપીણામાં નીંદર આવે તેવી દવા નાખી ભરતગીરીને પીવડાવી પાકીટમાં રહેલ ૫ હજાર તેમજ કાર્બન કંપનીના મોબાઇલની લૂટ કરી નાસી ગયો હતો. ત્યારબાદ ભરતગીરીને વેરાવળ એસટી ડેપોના કર્મચારીઓ દ્વારા ૧૦૮ માં વેરાવળ સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતા જ્યાંથી તેમણે આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી ત્યારે બનાવ ટંકારા પોલીસ મથકમાં બન્યો હોવાથી ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધી આરોપીને ઝડપી લઇ નામદાર કોર્ટ હવાલે કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત ઘેનની દવા પીવડાવી લૂટ કર્યાનો કેસ મોરબી સેશન્સ કોર્ટમાં ચાલી જતાં આ કેસના ૧૧ મૌખિક અને ૧૫ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઇ તેમજ સરકારી વકીલ વિજયભાઇ જાની દ્વારા કરવામાં આવેલ દલીલોને અંતે મોરબી સેશન્સ કોર્ટ જજ સાહેબ દ્વારા આરોપી નીતિનભાઈ રમેશભાઇ ભટ્ટને ૫ વર્ષની સખ્ત કેદ તથા રૂ.૬ હજારના દંડની સજાનો હુકમ ફરમાવવામાં આવ્યો હતો.

# મોરબી જિલ્લામાં સાર્વત્રિક મેઘ મહેર





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પંથકમાં ગઈકાલે ૩૦ જૂન રવિવારના દિવસે સમગ્ર જિલ્લામાં સાર્વત્રિક મેઘ મહેર થઇ હતી જેમાં મોરબી, વાંકાનેરના, હળવદ, ટંકારા તથા માળીયા(મી)માં મેઘરાજાએ હેત વરસાવી કુલ ૧૪૫મીમી વરસાદ નોંધાયો હતો. જો કે થોડા વરસાદમાં મોરબી શહેરમાં પાણી ભરાઈ ગયા હતા જેમાં મોરબીના લાતી પ્લોટ વિસ્તારમાં હાલ ૧૨ કલાક પહેલા વરસાદ બંધ થઈ ગયો હોવા છતાં હજુ પાણી ભરવાની સ્થિતિ જેમની તેમ હોવાની માહિતી મળી રહી છે.

મોરબી ફ્લડ કંટ્રોલમાંથી મળતી આંકડાકીય માહિતી પ્રમાણે ગઈકાલ તા.૩૦/૦૬ના રોજ વરસાદ મોરબી તાલુકામાં ૭૬ મીમી, માળિયા તાલુકામાં ૫ મિમી, ટંકારા તાલુકામાં ૩૭ મીમી, વાંકાનેર તાલુકામાં ૪ મીમી અને હળવદ તાલુકામાં ૨૩ મીમી વરસાદની નોંધ થઈ હતી જ્યારે મોરબી જિલ્લામાં ટોટલ ૧૪૫ મીમી જેટલો વરસાદ નોંધાયો છે. હાલ મોરબી તાલુકામાં પડી રહેલ વરસાદના પગલે મચ્છુ -૩ ડેમ ફૂલ લેવલ મુજબ ભરાઈ જતા ડેમનો એક દરવાજો એક ફૂટ સુધી ખોલવામાં આવી હેઠવાસના ગામોને તાકીદ કરી નદીના પટ્ટમાં અવર જવર ન કરવા સૂચના અપાઇ હતી.

## હળવદના માથક ગામની વાડીમાંથી પાણીની મોટરના કેબલની ચોરીની ફરિયાદ નોંધાઇ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના માથક ગામની સીમમાં આવેલ વાડીમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમો આશરે ૭૧ મીટર પાણીની મોટરનો કેબલ ચોરી કરી લઇ ગયા અંગેની ફરિયાદ વાડીમાં ઉપજમાં ઉધડું રાખેલ ખેડૂત દ્વારા નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના માથક ગામે રહેતા રાજુભાઈ સુખાભાઈ બોરાણિયા ઉવ.૪૦એ અજાણ્યા ચોર ઈસમ આરોપી વિરૂદ્ધ હળવદ પોલીસમાં મોટરના કેબલની ચોરી અંગે ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે માથક ગામની સીમમાં આવેલ મનસુખભાઇની વાડીમાં કે જેમાં ફરિયાદી રાજુભાઈ ઉપજમાં ઉધડું રાખી ખેતી કરતા હોય તે વાડીમાં ગત તા.૨૯/૦૬ ની રાત્રીના કોઈ વાડીમાં રાખેલ પાણીની મોટરનો આશરે ૭૧ મીટર કેબલ જેની કિ.રૂ.૧૪,૨૦૦/- હોય તે કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરી લઇ ગયા હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાલ પોલીસે આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં મચ્છુ-૩ ડેમનો એક દરવાજો એક ફૂટ ખોલતા હેઠવાસમાં આવતા ગામોને સાવધ કરાયા






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર સહિત ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે ત્યારે સર્વત્ર વરસાદના પગલે મોરબીમાં સદુળકા પાસે આવેલ મચ્છુ -૩ હાલ ફૂલ લેવલ મુજબ ભરાય જતા ડેમનો એક દરવાજો એક ફૂટ ખોલવામાં આવ્યો છે, ત્યારે હેઠવાસમાં આવતા ૨૧ ગામોને સાવધ કરવામાં આવ્યા છે.

મોરબી તાલુકાના જુના સાદુળકા ગામ પાસે આવેલ મચ્છુ-૩ સિંચાઇ યોજનાના અધિકારીઓ દ્વારા ચેતવણી સંદેશ જારી કરી જણાવવામાં આવ્યું છે કે મોરબીનો મચ્છુ -૩ ડેમમાં ફૂલ લેવલ મુજબ પાણી ભરાઇ ગયેલ છે. તે ઉપરાંત, પાણીની આવક ચાલુ હોય વધારાનું પાણી નદીમાં છોડવાની જરૂરિયાત ઉભી થયેલ છે. જેથી હાલ મચ્છુ - ૩ ડેમનો એક દરવાજો એક ફૂટ સુધી ખોલવામાં આવ્યો છે તો સિંચાઇ યોજનાના નીચાણવાસમાં આવતા ગામો જેમાં મોરબી તાલુકાના ગામો ગોર ખીજડીયા, વનાળીયા, માનસર, નારણકા, નવા સાદુળકા, જુના સાદુળકા, રવાપર (નદી), ગુંગણ, જુના નાગડાવાસ, નવા નાગડાવાસ, અમરનગર, બહાદુરગઢ, સોખડા તેમજ માળિયા(મીં) તાલુકાના ગામો જેમાં દેરાળા, મેઘપર, નવાગામ, રાસંગપર, વિરવદરકા, માળિયા(મીં), હરીપર, ફતેપર એક કુલ ૨૧ ગામોને તકેદારીના પગલા લેવા તેમજ નદીના પટમાં અવર જવર ન કરવા સુચના આપવામાં આવી છે.

# લાલપુર ખાતે ''માં ઉપવન'' નું નિર્માણ કરાયું







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશવાસીઓને પર્યાવરણના જતન માટે ''એક પેડ માં કે નામ'' ઝુંબેશમાં ભાગ લેવા માટે અપીલ કરી છે.જે અન્વયે જામનગર જિલ્લાના લાલપુર ગામે પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના વરદહસ્તે લાલપુર ખાતે ''માં ઉપવન'' નું નિર્માણ કરવામાં આવ્યું હતું.સામાજિક વનીકરણ વિભાગ, દેવભૂમિ દ્વારકા અને ગ્રામ પંચાયત, લાલપુર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૪૦૦ જેટલા વડ, પીપળ, આંબા, કરંજ અને લીમડાના રોપાનું મહાનુભાવોના હસ્તે વાવેતર કરવામાં આવ્યું હતું. તેમજ કેબિનેટ મંત્રીએ ઉપસ્થિત ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો અને તેમના પ્રશ્નો અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણસિંહ જાડેજા, લાલપુર ગ્રામ પંચાયત સરપંચ જયેશભાઈ તેરૈયા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર મરિન નેશનલ પાર્ક પ્રતીક જોશી, અગ્રણી રમેશભાઈ મૂંગરા, દિલીપભાઈ ભોજાણી, વિવિધ પદાધિકારીગણ, લાલપુર તાલુકા પંચાયતના સભ્યો, આજુબાજુના ગામોમાંથી પધારેલા આગેવાનો, શાળાના બાળકો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# મોરબીમાં ક્રિકેટ મેચ જોવા માટેની ઓનલાઇન ટિકિટ બુક કરાવી દેવાની લાલચ આપી યુવાન સાથે ૬૫ હજારની છેતરપિંડી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રહેતા વેપારી યુવાન સાથે ઓનલાઇન છેતરપિંડી થયો હોવાનો બનાવ સામે આવ્યો છે જેમાં અમદાવાદ ખાતે વર્લ્ડ કપની ફાઇનલ મેચ જોવાની ટિકિટ અપાવી દેવાની લાલચ આપી યુપીઆઇ દ્વારા પ્રથમ ૬ હજાર બાદમાં કટકે કટકે ૭૨ હજાર મેળવી લઇ ટિકિટ ન આપી અને ઓનલાઇન ટ્રાન્સફર કરેલ નાણા પણ પરત ન આપતા યુવક દ્વારા ઈન્સ્ટાગ્રામ આઇડી ધરાવતા અને મોબાઇલ નંબર ધરાવતા અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઇ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના રવાપર ગામ નજીક ધ ગાર્ડન પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા પ્રતિકભાઈ દિક્ષિતભાઈ પંડ્યા ઉવ.૩૬ એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી તરીકે ટશતવૂફત-તવીસહફફ ઇસ્ટાગ્રામ આઇ.ડી જેના મો.નં ૮૫૧૧૯૭૫૧૭૯ યુ.પી.આઇ આઇ.ડીના ધારક તથા તપાસમાં ખુલે તે આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી કે વિશ્વાસ શુક્લા નામના ઇન્સટાગ્રામ આઇ.ડીના મો.નં-૮૫૧૧૯૭૫૧૭૯ વાળાએ ગત તા. ૧૮ નવેમ્બર ૨૦૨૩ થી ૧૯ નવેમ્બર ૨૦૨૩ દરમિયાનમાં ઇન્ડીયા-ઓસ્ટ્રેલીયા વર્લ્ડ કપ ફાઇનલ મેચ જોવા માટેની ટીકીટ બુક કરી આપવાની લાલચ આપી વિશ્વાસ કેળવી પ્રતિકભાઇ પાસેથી પ્રથમ રૂ.૬૦૦૦/- બાદ કટકે કટકે કુલ રૂ.૭૨૦૦૦/- (vishwasshukiahz 1991okicici) વાળા યુ.પી.આઇ આઇ.ડીમા ટ્રાંસફર કરાવી મેળવી લીધા બાદ પ્રતિકભાઈનો વિશ્વાસ જીતવા રૂ.૭૦૦૦/- પરત કરી દીધા હતા. બાદમાં મેચની ટીકીટ નહી આપી કુલ રૂ.૬૫૦૦૦/- મેળવી લઇ પ્રતિકભાઈ સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી હતી. ઉપરોક્ત ઈન્સ્ટાગ્રામ આઇડી ધરાવતા શખ્સ દ્વારા આજદિન સુધી નાણા પરત નહીં કરતા પ્રતિકભાઈએ વિશ્વાસ શુક્લા તેમજ તપાસમાં ખૂલે તે આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

# હળવદમાં સસ્તામાં આઇફોન લેવાની લાલચે યુવકે રૂપિયા ૪૫ હજાર ગુમાવ્યા

## ફેસબુકમાં ખોટા નામે આઇડી બનાવી, ટેક્સીવાળાનું બારકોડ સ્કેનર મોકલી રૂપિયા ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના મંગળપુરના યુવાને ફેસબુકમાં આવેલ સસ્તા આઇફોનની જાહેરાતને અનુસરી મોબાઇલમાં કોલ કરતા હળવદ ટાઉનમાંથી આઇફોન -૧૫ અપાવવાની લાલચ આપી વોટ્સએપમાં મોકલેલ બારકોડ સ્કેનરમાં રૂપિયા ૪૫,૫૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી આઇફોન ન અપાવી વિશ્વાસઘાત કરી છેતરપિંડી કરી હતી. ભોગ બનનાર યુવાન દ્વારા પ્રથમ ૧૯૩૦ માં કોલ કરી સાયબર ક્રાઇમમાં ફરિયાદ કર્યા બાદ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે છેતરપિંડીની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના મંગળપુર ગામે રહેતા મયુરભાઈ ગીરધરભાઈ ઉડેસા ઉવ.૨૪ કે જેઓ ગત તા. ૦૪ એપ્રિલ ૨૦૨૪ ના રોજ તેના મોબાઇલ ફોનમાં ફેસબૂક આઇડી પષફીબવફ ફહફથ માં સસ્તામાં આઇફોન લેવા માટેની જાહેરાત જોવામાં આવી હતી આથી મયુરભાઈએ આપેલ નંબરમાં કોલ કરતા સામે છેડે જીગ્નેશભાઈ નામની વ્યક્તિએ વાત કરી જણાવ્યું હતું કે હળવદમાં આવેલ સમીર મોબાઇલ નામની દુકાનમાંથી તમને આઇફોન -૧૫ ૨૫૬ જીબી વાળો ફોન રૂ.૪૫,૫૦૦માં અપાવી દેવાની વાત કરતા સમીર મોબાઈલમાં આઇફોન -૧૫ જોવાનું જણાવ્યું જેની દુકાનદારે ૬૬ હજાર કિંમત કહેતા ફ્રોડ જીગ્નેશભાઈ ને કોલ કરતા તેઓએ મયુરભાઈને બારકોડ સ્કેનરમાં ઓનલાઇન રૂપિયા ૪૫,૫૦૦ ટ્રાન્સફર કરવાનું કહી સમીરભાઈને પોતે પેમેન્ટ કરી આપશે તેવી જણાવી વોટ્સએપ માં મોકલેલ સ્કેનરમાં રૂપિયા મેળવી લઇ સમીરભાઇ પેમેન્ટ ન કરતા સમગ્ર બનાવ અંગે છેતરપિંડી થયાનું સામે આવ્યું હતું. ત્યારે પ્રથમ મયુરભાઈએ સાયબર ક્રાઇમ માં ફરિયાદ કરી હતી.

બીજીબાજુ હળવદ પોલીસની પ્રાથમિક તપાસમાં ફ્રોડ જીગ્નેશભાઈ દ્વારા મોકલાવેલ પેમેન્ટ માટેના બારકોડ સ્કેનર રાજકોટના કોઈ ટેક્સી વાળાનું હોવાનું અને તેના પાસેથી આરોપીએ ટેક્સી ભાડાના ૧,૫૦૦/- ચૂકવવા સ્કેનર મેળવ્યું હતું બાદમાં આરોપી દ્વારા ટેક્સી વાળાને કોલ કરી ૧૫૦૦ ની જગ્યાએ ભૂલથી ૪૫,૫૦૦/- નું પેમેન્ટ થઈ ગયાનું જણાવી ઉપરના બાકી રહેતા રૂપિયા પરત લઇ લીધા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે હાલ ભોગ બનનાર મયુરભાઈ દ્વારા આરોપી તરીકે ફેસબૂક આઇડી ષફીબવફ ફહફ ધરાવતા શખ્સ વિરુદ્ધ તથા તપાસમાં ખુલ્લે તે તમામ સામે ફરિયાદ નોંધાવવામાં આવતા હળવદ પોલીસે આરોપી સામે ૪૦૬, ૪૨૦ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# ટંકારામાં ઝૂપડામાં ઝેરી જાનવર કરડતા ૭ વર્ષીય બાળકનું રાજકોટ સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારાના અમરાપર રોડ ઉપર ઉગમણા નાકા પાસે ઝૂપડામાં રહેતા શ્રમિક પરિવારના ૭ વર્ષના બાળકને રાત્રીના ભાગે ઉંઘમાં કોઇ ઝેરી જાનવર કરડી જતા પ્રથમ મોરબી સરકારી હોસ્પિટલમાં ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડતા જ્યાં સારવાર દરમિયાન માસૂમ બાળકનું મૃત્યુ નિપજતા શ્રમિક પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ટંકારામાં અમરાપર રોડ ઉગમણા નાકા પાસે નદીના કાંઠે ઝુપડામાં રહેતા પ્રકાશભાઈ બારીયાનો ૭ વર્ષીય પુત્ર આસિફ કે જેને ગત તા.૨૯/૦૬ના રોજ રાત્રીના કોઈ ઝેરી જનાવર કરડ્યું હોય જેની જાણ સવારે આસિફ ઉઠ્યો ત્યારે પોતાના માતાપિતાને કરતા આસિફને ઝેરી અસર ચાલુ થઈ ગઈ હોય જેથી પ્રાથમિક સારવાર મોરબી સરકારી હોસ્પિટલમાં જ્યાંથી વધુ સારવારમાં રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવારમાં આશિફનું મૃત્યુ નિપજ્યું હતું.

# મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજનાની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ભવન ખાતે જિલ્લા કક્ષાની મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજનાની સમીક્ષા બેઠક યોજાઈ હતી.બેઠકમાં થયેલી ચર્ચા અનુસાર તાલુકા કક્ષાએ ૬ શ્રેષ્ઠ ગ્રામ સરપંચની પસંદગી કરવામાં આવે છે. જે અનુસાર જામજોધપુર તાલુકામાંથી સીદસર, કાલાવડ તાલુકામાંથી મોટી નાગાજર, જામનગર તાલુકામાંથી ફલ્લા, ધ્રોલ તાલુકામાંથી કાતડા, લાલપુર તાલુકામાંથી નવીપીપર ગામ અને જોડીયા તાલુકામાંથી જશાપર ગ્રામ સરપંચશ્રીની પસંદગી કરવામાં આવી છે. જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિ દ્વારા ૧ શ્રેષ્ઠ ગ્રામ સરપંચની પસંદગી કરવામાં આવે છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ પસંદગી પામનાર શ્રેષ્ઠ સરપંચને રૂ.૨૫,૦૦૦ નો પુરસ્કાર આપવામાં આવશે. જિલ્લા કક્ષાએ પસંદગી પામનાર શ્રેષ્ઠ સરપંચને રૂ.એક લાખનો પુરસ્કાર આપવામાં આવશે. તેમજ રાજ્ય કક્ષાએ



પસંદગી પામનાર શ્રેષ્ઠ સરપંચને રૂ.૫ લાખનો પુરસ્કાર મુખ્યમંત્રીના હસ્તે અર્પણ કરવામાં આવશે. આ વર્ષે જામનગર જિલ્લામાંથી સીદસર ગ્રામ સરપંચની પસંદગી કરવામાં આવી છે.શ્રેષ્ઠ સરપંચ તરીકે પસંદગી કરવા માટે ગામની નિયમિત સફાઈ, પંચાયત હેઠળ ગ્રામ સભાની કામગીરી, નાણાપંચ અન્વયે થયેલા કામો, તેની ગુણવત્તા, ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ વેરાની વસુલાત, તેમજ સરપંચ દ્વારા કરાયેલ વિશિષ્ટ કામગીરી- આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. જેની તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ ખાસ સમીક્ષા કરવામાં આવે છે.ઉક્ત બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ગઢવી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નૂપુર પ્રસાદ, જિલ્લા શિક્ષણ અધિકારી વિડજા તેમજ સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

# પ્રેમી સાથે નાસી ગયેલી પુત્રીએ માતા પિતાને બેભાન કરી ઘરમાંથી રૂ.૩.૫૦ લાખ ઉઠાવી લીધા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીકના મોટી ખાવડીમાં પાણીપૂરી વેચવાનો ધંધો કરતા એક પરપ્રાંતિય પ્રૌઢની પુત્રીને પ્રેમજાળમાં ફસાવ્યા પછી એક શખ્સે પોતાના સાગરિત સાથે મળી તે યુવતીને નાસી જવા માટે પ્રેરી હતી. તેના પગલે આ યુવતીએ પોતાના માતા-પિતાને ઘેનની દવાવાળું ઠંડુપીણુ પીવડાવી ઘરમાંથી રૂપિયા સાડા ત્રણ લાખ રોકડા ઉઠાવી લીધા હતા. પિતાએ ત્રણેય સામે ફરિયાદ નોંધાવી છે.

જામનગર-ખંભાળિયા માર્ગ પર આવેલા મોટી ખાવડી ગામમાં ભાડાના મકાનમાં રહેતા અને પાણીપૂરીનો વ્યવસાય કરતા મૂળ ઉત્તરપ્રદેશના જાલોન જિલ્લાના ગોપાલપુરા ગામના છોટેભાઈ ગ્યાદીન કુશવાહ ઉર્ફે મૂળુભાઈ નામના પ્રૌઢે પોતાની પુત્રી ખૂશ્બુ તથા પોતાના જ વતનના અંભુજ ઉર્ફે બિટુ પ્રદીપભાઈ ગુપ્તા તથા કપ્તાન ઠાકુરદાસ સામે મેઘપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવવામાં આવ્યા મુજબ છોટેભાઈની પુત્રી ખૂશ્બુ સાથે ઉપરોક્ત શખ્સે પ્રેમ સંબંધ રચ્યો હતો. તે પછી ખૂશ્બુને પોતાની સાથે નાસી જવા માટે અંભુજ તથા કપ્તાને ઉશ્કેર્યા પછી આ યુવતી તેના કહેવામાં આવી ગઈ હતી.ત્રણેય વ્યક્તિએ કાવતરૂ રચ્યા પછી ખૂશ્બુએ પોતાના પિતા છોટેભાઈ તથા માતાને ઉંઘ આવી જાય તેવી ગોળીનો પાવડર બનાવી ઠંડાપીણામાં ભેળવી પીવડાવી દીધો હતો. દવાના ઘેનના કારણે છોટેભાઈ તથા તેમના પત્ની સૂઈ ગયા હતા અને પાછળથી ખૂશ્બુ તેમજ અંભૂજ અને કપ્તાન ઘરમાં રાખવામાં આવેલી લોખંડની પેટીમાંથી રૂપિયા સાડા ત્રણ લાખ રોકડા ઉપાડીને રફૂચક્કર થઈ ગયા હતા. પોલીસે ઉપરોક્ત ફરિયાદ પરથી ખૂશ્બુ, અંભુજ તથા કપ્તાન સામે આઈપીસી ૧૨૦ (બી), ૩૨૮, ૩૮૦, ૧૧૪ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

# જામનગર આઈ.ટી.આઈ.ખાતે સમર સ્કીલ વર્કશોપ યોજાયુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર આઈ.ટી.આઈ.માં સમર સ્કીલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં આઈ.ટી.આઈ.માં ચાલતા મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ, સિવિલ, ઓટોમોબાઇલ, ફેબ્રિકેશન, કોમ્પ્યુટર, સી.એન.સી., રેફ્રિજરેશન તેમજ કેમિકલ જેવા ૨૫ થી વધારે કોર્સ અંગે ઇન્સ્ટ્રક્ટર તથા તાલીમાર્થીઓ દ્વારા પ્રેક્ટીકલ ડેમોસ્ટ્રેશન આપી વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.આ વર્કશોપમાં ટેકનિકલ શિક્ષણના ફાયદાઓ, જામનગરની બ્રાસ તેમજ અન્ય ઔદ્યોગિક એકમોમાં તાલીમાર્થીઓની માંગ તેમજ રોજગારીની વિશાળ તકો વિશે માહિતી આપવામાં આવી હતી. આ



સ્કીલ વર્કશોપમાં આશરે ૧૧૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.વર્કશોપના અંતે દરેકને ફાઈલ, પેન, નોટ પેડ તથા નાસ્તાનું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન આઈ.ટી.આઈ.ના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફના માર્ગદર્શન હેઠળ થયું હતું.સાથે સાથે હાલ આઈ.ટી.આઈ.જામનગર ખાતે એડમિશન મેળવવા માટે બીજા રાઉન્ડની પ્રકિયા તા.૦૨/૦૭/૨૦૨૪ થી શરૂ થનાર છે જેમાં વહેલી તકે ફોર્મ ભરવા આઈ.ટી. આઈ. જામનગરનો સંપર્ક કરવા પણ જણાવવામાં આવ્યુ છે.

# નિવૃત આર્મીમેનના પરિવારને ફાળવાયેલી જમીનનો હક્ક તાત્કાલીક આપવા બ્રહ્મ સેનાની માંગ


(તસ્વીરઃ આનંદ જાવિયા)

વેરાવળના નિવૃત આર્મીમેન સ્વ.પિયુષ મહેતાને નિવૃત થયા બાદ પાંચ એકર સાથણીની જમીન મળવા પાત્ર છે. પરંતુ વિલંબ થતા કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટમાં કેસ ચાલી જતા ન્યાયધીશે નિવૃત આર્મીમેનના પરિવારને જમીનનો વિધિસર કબજો આપવા કલેક્ટર આદેશ ર્ક્યો હતો. પરંતુ હજુ સુધી તેઓને જમીન મળી શકી નથી. પિયુષભાઈનું અવસાન તા.૧૬ સપ્ટેમ્બર ૨૦૧૦માં થયુ હતું. તેમના પત્નીનું અવસાન પણ હક હિસ્સો મળ્યા વગર થયુ હતું. આ અંગે બ્રહ્મ સેના વારા મુખ્યમંત્રીને પત્ર લખી આ નિવૃત આર્મીમેનના પરિવારને ન્યાય મળે તે માટે રજૂઆત કરાઈ છે. આજે રાજકોટ કલેકટર મારફત આવેદન મુખ્યમંત્રીને મોકલાયું હતું.

# શહેરના હાથીખાના વિસ્તારમાં જર્જરીત મકાનની દીવાલ થઈ ધરાશાઈ : કોઈ જાનહાનિ નહિં


(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટના જુના વિસ્તારમાં આવેલ એક મકાનની દીવાલ ધરાશાઈ થતા તે વિસ્તારમાં અફડાતફડી મચી ગઈ હતી. જો કે, સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. ફાયરબ્રિગેડની ટીમે ઘટના સ્થળે દોડી જઈ કાટમાળ ખસેડવાની કામગીરી આરંભી હતી. આજે સવારે શહેરના હાથીખાના વિસ્તારમાં જુના જર્જરીત મકાનની દીવાલ વરસાદને કારણે ધરાશાઈ થઈ હતી એક અનુમાન મુજબ આ મકાન ૮૦ વર્ષથી વધુ જુનુ છે. આ વિસ્તારના રહેવાસીઓએ જણાવ્યું હતું કે આ જર્જરીત મકાન પાડવા અંગે અનેક વાર રજૂઆત કરાઈ હતી. પરંતુ નિંભર તંત્ર ારા આ વાત કાને ધરાઈ ન હતી. પરિણામે આજે આ મકાનની દીવાલ પડી હતી. સદનસીબે આજુબાજુ કોઈ વ્યક્તિ ન હોવાને કારણે જાનહાનિ ટળી હતી. આ મોતના માચડા જેવા અનેક જર્જરીત મકાનો હાલમાં શહેરમાં છે. ત્યારે તંત્રએ જાગવું જરૂરી છે.

# ઓનલાઈન છેતરપીંડીનો ભોગ બનેલા ૭ લોકોને પોલીસે રકમ પરત અપાવી

## ડ્રીમ ઈલેવનમાં જીતેલી રકમ ઉપાડવાના નામે, હોટેલ બુકિંગ, વિદેશથી પાર્સલ આવ્યું, વાહન પરિવહનનો ફેક મેમો મોકલી કરાઈ લાખોની ઠગાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હોટલ બુકિંગના બહાને, કુરિયરના બહાને, વિદેશથી પાર્સલ આવ્યું હોવાના નામે, વાહન પરિવહનના ફેક મેમો મોકલી અને ડ્રીમ ઈલેવનમાં જીતેલ રકમ ઉપાડવાના નામે લોકો સાથે ગઠીયાઓએ ફ્રોડ કર્યા હતા. સાયબર ક્રાઈમ પોલીસ ફ્રોડમાં ગુમાવેલા નાણા અરજદારોને પરત અપાવ્યા છે. મુંબઈ રહેતા જુહીબેન (ઉ.વ.૨૭) સાથે હોટલ બુકિંગના બહાને ગઠીયાઓએ ક્રેડીટ કાર્ડથી રૂા. ૧.૯૨ લાખ ઉપાડી લીધા હતા. જે રકમ પરત અપાવાઈ હતી. રાજુભાઈ ભડેરી સાથે બ્લુડાર્ટ કુરિયરના બહાને રૂા. ૧.૨૨ લાખનો ફ્રોડ થયો હતો. જેમાંથી રૂા. ૪૩ હજારની રકમ પરત અપાવાઈ હતી. રાજકોટના એક અરજદારે નાણાકીય ફ્રોડમાં ગુમાવેલ રૂા. ૩૮ હજાર પણ સાયબર ક્રાઈમ પોલીસે પરત અપાવ્યા હતા. જ્યારે શ્યામ પંડ્યાને પોતાના નામથી વિદેશથી પાર્સલ આવ્યું હોવાનું જણાવી ડોક્યુમેન્ટનો દુરૂપયોગ થયેલો હોવાના બહાને ફ્રોડ કોલ કરી, જેમાંથી બચવા રૂા. ૧૧.૨૭ લાખ પડાવી લીધા હતા. જેમાંથી ૪.૯૯ લાખ પોલીસે પરત અપાવ્યા હતાં.

આ ઉપરાંત રાજકોટના કમલેશભાઈચૌહાણને વાહન પરિવહનનો ફેક મેમો મોકલી એપીકે ફાઈલ દ્વારા તેના ફોનનો એક્સેસ મેળવી લઈ રૂા. ૧.૪૮ લાખનો ફ્રોડ કરાયો હતો. જેરકમ પરત અપાવાઈ હતી. જ્યારે મુનાફભાઈ લખવા (રહે. રાજકોટ)ને ડ્રીમ ઈલેવનમાં જીતેલી રકમ ઉપાડવાના બહાના હેઠળ રૂા. ૪ લાખનો ગઠીયાઓએ ફ્રોડ કર્યો હતો. જે રકમ પણ સાયબર ક્રાઈમ પોલીસે પરત અપાવી હતી. પોલીસ કમિશનર બ્રજેશ ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી.બી. બસિયાની સૂચના અનુસાર પીઆઇ એમ. એ. ઝનકાત, પીઆઈ કે. જે. મકવાણા, પીઆઈ આર.જી. પઢિયાર, પીએસઆઈ આર.જે.કામળીયા, પીએસઆઈ કે.પી.જાદવ, એએસઆઈ ડી.બી.કકડીયા, એફ.એ.શેખ, પો. કોન્સ. ભાવેશભાઈ શિરોડીયા, ધરતીબેન ગઢીયા, હેડકોન્સ મહેન્દ્રભાઈ કાથડ, કોન્સ. રાજેશભાઈ રંગાણી, કોન્સ.લક્કીરાજસિંહ ગોહિલે આ કામગીરીઓ કરી હતી.

# સુરેન્દ્રનગરના પાનવા ગામે તળાવમાં ડુબી જતા તરૂણનું મોત

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના દસાડા તાલુકાના પાનવા ગામે શનિવારના બપોર પછી મીત પ્રહલાદભાઈ પાનવેચા નામનો વિદ્યાર્થી કે જેણે ગયા વર્ષે ધો.૧૦ની પરીક્ષા આપી હતી. એક વિષયમાં નાપાસ થતા ઘેર બેઠા પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. એવો આશાસ્પદ કિશોર શનિવાર હોઈ ગામથી આશરે ૨-૩ કી.મી. દૂર



હનુમાનજીનું મંદિર આવેલુ છે, જ્યાં લોકો દર્શનાર્થે જતાં હોય છે. એવા ક્રમમાં આ કિશોર પણ હનુમાનજીના મંદિરે દર્શન કરી મિત્રો સાથે બાજુમાં આવેલા સીમ તળાવમાં ન્હાવા માટે પડ્યો હતો. જેને તરતા ના આવડતું હોઈ, આ કિશોર ડૂબી ગયો હતો. અને સાથે રહેલા મિત્રો ગભરાઈને ગામ તરફ ગયા હતા. જે અંગે ગામ લોકોને જાણ થતાં ગામ લોકો ટોળે વળી બચાવ કામગીરીમાં લાગ્યા હતા. પરંતુ સફળતા ન મળતા અંતે લગભગ રાત્રે ૮.૩૦ પછી ધારાસભ્ય પી.કે.પરમાર તેમજ મામલતદાર કચેરી, પાટડી ખાતે જાણ કરવામાં આવતા અને તંત્ર સક્રિય થયુ હતું. અમદાવાદ ફાયરબ્રિગેડ ટીમના અથાગ પ્રયત્નો થકી મીતનો મૃતદેહ મળી આવ્યો હતો.

# રાજકોટમાં અંબિકા ટાઉનશીપની સ્વયંમ્ કેર હોસ્પિટલમાં શિવમ મેડીકલ સ્ટોરનો શુભારંભ


(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ઈન્દીરા સર્કલ પર છેલ્લા ૨૦ વર્ષોથી ૨૪ કલાક કાર્યરત શિવમ મેડીકલ ગ્રુપ દ્વારા તાજેતરમાં નવા સોપાનનો શુભારંભ કર્યો છે. શહેરના અંબિકા ટાઉનશીપ મેઈન રોડ પર સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલી સ્વયંમ્ કેર હોસ્પિટલના ગ્રાઉન્ડ ફલોર પર શિવમ મેડીકલ સ્ટોરનું ઉદ્દ્ઘાટન થયું હતું. આ સ્ટોરના ઉદ્દ્ઘાટન પ્રસંગે મોટી સંખ્યામાં સગા-સ્નેહીઓ, મિત્ર વર્તુળ અને શુભેચ્છકો ઉમટી પડીને સ્ટોરના સંચાલકો શિવમ્ ગ્રુપના અશ્વિનભાઈ ભુવા અને ડો.ચેતન હાંસલીયાને શુભકામનાઓ પાઠવી હતી. સંચાલકોએ આ તકે દર્દીઓને રાહત દરે દવા આપીને ઉદ્દ્ઘાટન પ્રસંગને અનોખી રીતે ઉજવ્યો હતો. આ વિસ્તારના ૨૪ કલાક ખુલ્લા રહેનારા પ્રથમ એવા આ એક મેડીકલ સ્ટોરમાંથી એલોપેથીક, આયુર્વેદીક દવાઓ તથા ઈમ્પોર્ટેડ અને સ્વદેશ કોસ્મેટીક આઈટમો રાહતદરે મળશે તેમ સંચાલકોએ જણાવ્યું હતું.

# ઓખા-વેરાવળ અને વેરાવળ-ઓખા એક્સપ્રેસ ટ્રેનો ૨ જુલાઈ સુધી ડાયવર્ટ કરાયેલા રૂટ પર રિશેડ્યુલ કરાયેલ સમય પર દોડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટેકનિકલ કારણોસર, ઓખા-વેરાવળ અને વેરાવળ-ઓખા એક્સપ્રેસ ટ્રેનો ૩૦ જૂનથી ૨ જુલાઈ, ૨૦૨૪ દરમિયાન ડાઈવર્ટ કરાયેલા રૂટ પર રિશેડ્યુલ કરાયેલ સમય પર દોડશે. વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર ૧૯૨૫૨ ઓખા-વેરાવળ એક્સપ્રેસ ૩૦.૦૬.૨૦૨૪ થી ૦૨.૦૭.૨૦૨૪ સુધી ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા કાનાલુસ-વાંસજાળીયા-જેતલસર-વેરાવળ થઈ ને દોડશે. આ સમયગાળા દરમિયાન, આ ટ્રેન ઓખા થી તેના નિર્ધારિત સમય કરતાં ૫ કલાક ૪૫ મિનિટ મોડી એટલે કે ૦૨.૦૦ વાગ્યે ઉપડશે.

ટ્રેન નંબર ૧૯૨૫૧ વેરાવળ-ઓખા એક્સપ્રેસ ૩૦.૦૬.૨૦૨૪ થી ૦૨.૦૭.૨૦૨૪ સુધી ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા જેતલસર-વાંસજાલિયા-કાનાલુસ થઈને દોડશે. આ સમયગાળા દરમિયાન, આ ટ્રેન વેરાવળ થી તેના નિર્ધારિત સમય કરતાં ૩ કલાક ૫૫ મિનિટ મોડી એટલે કે ૦૩.૦૦ વાગ્યે ઉપડશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

# સરગમ ક્લબ સંચાલિત રામનાથપરા મુક્તિધામમાં રવિવારના ૨૫૦૦ અસ્થિનું પૂજન કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ કલબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી - ૨૦૨૪ થી જૂન - ૨૦૨૪ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. શહેરના રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી થી જૂન સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ તા. ૦૭/૦૭/૨૦૨૪ ને રવિવારે સવારે ૮/૩૦ થી ૧૦/૩૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાશે મૃતકોના તમામ સ્વજનોને સરગમ કલબ દ્વારા વ્યક્તિગત પત્ર લખી જાણ કરવામાં આવેલ છે. રવિવારે અસ્થી પૂજન ની વિધી માટે પરિવારના સદસ્યો એ રામનાથપરા મુક્તિધામમાં આવું. સરગમ કલબ આગામી તારીખ ૧૧/૦૭/૨૦૨૪ મી ગુરૂવાર એ આ તમામ અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર મૂકામે સવારે ૭/૦૦ કલાકે હરકિ પેઠી ઉપર થશે. દરેક મૃતક વ્યક્તિનુ નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે. ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે.

જે પરિવારના વ્યક્તી નાં અવસાન થઇ ગયેલ છે. તેમના પરિવારને કૂરિયર મારફત લેટર મોકલી આપેલ છે. જે પરિવારને અસ્થિ જુદા રાખવા હોય તેમને તા.૦૬/૦૭/૨૦૨૪ સુધીમાં રામનાથપરા મુક્તિધામ ની ઓફિસમાં જાણ કરવા વિનંતિ. જો આપ જાણ નહિ કરોતો તો અમે તમામ ના અસ્થી હરદ્વાર મૂકામે અમો અસ્થિ વિસર્જન માટે સાથે લઇ જશું. કોઈપણ વ્યક્તિ ને આનાં માટે પૂછપરછ કરવી હોય તો ફોન નંબર : ૨૨૨૧૯૫૦ / ૨૨૩૭૯૦૦ તેના ઉપર સંપર્ક કરવો.

સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા નાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઇન્ચાર્જ રમેશભાઈ અકબરી સાથે મનસુખભાઈ ધંધુકિયા, અને બંને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળશે.

# યુવતીએ પ્રેમ સંબંધ તોડી નાંખતા પ્રેમીએ જન્મદિવસમાં કરેલો રૂા.૧૦ હજારનો ખર્ચ પરત માંગી હેરાન કરવાનું શરૂ કર્યુ

## યુવતીએ ૧૮૧ની ટીમની મદદ માંગતા મહિલા હેલ્પલાઈનની ટીમે પ્રેમીની શાન ઠેકાણે લાવી કાયદાનું ભાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં યુવતિ સાથે જબરદસ્તીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં યુવતિએ સંબંધ રાખવા ઈન્કાર કરવા છતાં યુવક પાછળ પડી ગયો હતો. આ યુવક દ્વારા યુવતિ પર રિલેશનશીપ રાખવાની જબરદસ્તી કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. જોકે પીડિત યુવતિએ સંપર્ક કરતા અભયમની ટીમ દોડી ગઈ હતી અને આ યુવકની શાન ઠેકાણે લાવી હતી.

આ અંગેની માહિતી મુજબ રાજકોટની એક યુવતીએ મહિલા હેલ્પલાઇનમા ફોન કરી જણાવ્યું કે, તેને એક યુવક સાથે પ્રેમ સંબંધ હતો. હાલ યુવક જબરદસ્તીથી રિલેશન રાખવા માટે હેરાન કરે છે. આ અંગે જાણ થતાં રેસકોર્સ લોકેશન કાઉન્સેલર કાજલ પરમાર, કોન્સ્ટેબલ સેજલબેન તેમજ પાઇલોટ હિમાંશુભાઈસહિત અભયમ ટીમ યુવતીએ આપેલા સરનામે પહોંચી હતી અને આ યુવતીની વ્યથા સાંભળી હતી.

યુવતિએ જણાવ્યું હતું કે, તેણીને એક યુવક સાથે ૮ મહિનાથી પ્રેમસંબંધો હતો. જેમાં બંને લગ્ન કરવાના ઇરાદે જોડાયેલા હતા. ૮ મહિના સુધી બંને વચ્ચે પ્રેમ સંબંધ હતા. ત્યારબાદ યુવકે ધીરે ધીરે મેસેજ અને ફોન સતત કર્યા કરે છે તેમજ ક્યાં જાઈ છે? શું કરે છે? તેમ યુવક સતત યુવતીને માનસિક હેરાનગતિ કરવા લાગ્યો હતો. જેથી યુવતીએ કંટાળી યુવક સાથે સંબંધ ન રાખવા જણાવ્યું હતું. જેને લઈને યુવકે તેના જન્મદિવસ પર રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ કર્યો હતો તે પરત માંગ્યા હતા. તેમજ રૂપિયા ન આપવા હોયતો સબંધ રાખે તેવી શરત રાખી હતી. વધુમાં પીડિતાએ જણાવ્યું કે, પોતે ફોન કરી પ્રેમીને નોકરીના સ્થળ પર બોલાવીને સમજાવવા પ્રયાસ કર્યો હતો. આમ છતાં તે નહીં માનતા અંતે ૧૮૧ હેલ્પલાઇન પર ફોન કરી મદદ માંગી છે. સમગ્ર હકીકત જાણી લીધા બાદ અભયમની ટીમે ઘટના સ્થળે પહોંચી કાઉન્સલિંગ કરી રિલેશનશીપ રાખવા માટે જબરદસ્તી નહીં કરવા સમજાવ્યું હતું. તેમજ આ યુવતીનો પીછો નહીં કરવાની ચેતવણી આપી કાયદાકીય સમજ આપી હતી. અભયમની ટીમ દ્વારા કરવામાં આવેલી સમજાવટ બાદ પ્રેમીએ તેની ભૂલ સ્વીકારી માફી માગી હતી. તો યુવતિ સાથે જબરદસ્તી સંબંધ રાખવા દબાણ નહીં કરવા માટે ખાતરી આપી હતી. તેમજ હવે પછી તે યુવતીને હેરાન કરશે નહીં અને રિલેશનશિપ રાખવા કોઈપણ જાતની જબરદસ્તી કે ધાક ધમકી આપશે નહી તેવી ખાતરી આપી હતી. પ્રેમી સમજી જતા પીડિતાએ પણ હાલ કોઈ કાનૂની પગલાં લેવા નહીં માંગતી હોવાનું જણાવી ૧૮૧ રેસકોર્સ અભયમ ટીમનો મદદ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ઠેબા બાયપાસ પાસેથી દારૂની પાંત્રીસ બોટલ સાથે એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના ઠેબા બાયપાસ પાસેથી એલસીબીએ એક શખ્સને દારૂની ૩૫ બોટલ સાથે પકડી લીધો છે. આ બોટલ તે શખ્સ ગોવાથી લઈ આવ્યો હોવાની કબૂલાત મળી છેજામનગરના ઠેબા બાયપાસથી ખીજડિયા બાયપાસ વચ્ચે દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી એલસીબીના મયુરસિંહ, ઋષિરાજસિંહ, હરદીપ બારડને મળતા પીઆઈ વી.એમ. લગારીયાના વડપણ અને પીએસઆઈ આર.કે. કરમટા, પીએસઆઈ પી.એન. મોરીના વડપણ હેઠળ સ્ટાફે વોચ રાખી હતી.તે દરમિયાન સમરસ હોસ્ટેલ રોડ પરથી રોહિત ઉર્ફે ઝીંઝુડો દિનેશભાઈ ત્રિવેદી નામનો શખ્સ પસાર થયો હતો. સાધનાકોલોની નજીક વસવાટ કરતા આ શખ્સની તલાશી લેવાતા તેના કબજામાંથી અંગ્રેજી શરાબની ૩૫ બોટલ મળી આવી હતી. એલસીબીએ રૂા.૧૪ હજારની બોટલ કબજે કરી રોહિતની પૂછપરછ કરતા આ જથ્થો ગોવાથી લાવ્યો હોવાની તેણે કબૂલાત આપી છે. પંચકોશી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તેની સામે ગુન્હો નોંધાવાયો છે.

# હળવદના ભવાનીનગર વિસ્તારમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પાંચ શકુનીઓની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ ટાઉનમાં ભવાનીનગર વિસ્તારમાં મળેલ પૂર્વ બાતમીને આધારે હળવદ પોલીસ ટીમે દરોડો પાડી તીનપત્તીના જુગારની બાઝી માંડી બેઠેલા પાંચ પત્તાપ્રેમીઓને ઝડપી લેવામાં આવી તમામ વિરૂદ્ધ જુગારધારા એક્ટ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે.



હળવદ પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ. અજીતસિંહ.એન.સીસોદીયા તથા સાથેના પોલીસ સ્ટાફના પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કોન્સ. હરવીજયસિંહ કીરીટસિંહ ઝાલા તથા ગંભીરસિંહ વાઘજીભાઈ ચૌહાણને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે હળવદ ટાઉન ખાતે ભવાનીનગર ઢોરા વિસ્તારમાં વિસ્તારમાં રમેશભાઈ ગુગાભાઈ સાવડીયાના મકાન પાસે જાહેરમાં જુગાર રમતા હોવાની મળેલ બાતમીને આધારે રેઇડ કરતા ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રહેલ કિશોરભાઈ ઉર્ફે કિશન બચુભાઈ બણોદરા ઉવ.૨૮ રહે.ત્રણ માળીયા હળવદ, સોકતભાઈ અસીમભાઈ ભટ્ટી ઉવ.૨૩ રહે.હળવદ જંગરીવાસ મોરબી દરવાજા, વિશાલભાઈ હિંમતભાઈ બરીયા ઉવ.૨૧ રહે.ભવાનીનગર ઢોરો હળવદ મુળ.રહે. ગામ ખોડું તા.વઢવાણ જી.સુરેન્દ્રનગર, ચિરાગભાઈ ઉર્ફે કિરીટ નાનજીભાઈ ચાવડા ઉવ.૨૦ રહે.ઈન્દ્રાનગર બી- ડિવિઝન પોલીસ સ્ટેશન સામે મોરબી તા.જી.મોરબી, મનોજભાઈ ત્રિભોવનભાઈ ગીરી ઉવ.૪૧ રહે.ભવાનીનગર ઢોરો હળવદની રોકડ રકમ રૂ.૧૩,૨૦૦/- તથા જુગાર રમવાના સાહિત્ય સાથે અટકાયત કરવામાં આવી હતી.

# મોરબી નવયુગ કોલેજ ખાતે નવા ફોજદારી કાયદા અંગે તાલીમી સેમિનાર યોજાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

આગામી સમયમાં અમલમાં આવનારા નવા ફોજદારી કાયદા જેવા કે, ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ અંગે નવયુગ ગ્રુપ ઓફ કોલેજ-મોરબી મુકામે તાલીમી સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મોરબી જિલ્લાના મુખ્ય પોલીસ અધિકારીઓ, DySP ઝાલા, DySP સારડા, PI, PSI, ASI તથા અન્ય પોલીસ કર્મીઓ તેમજ નવયુગ લો કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહેલા હતા.

આ પ્રસંગે તાલીમી સેમિનારના મુખ્ય સ્વપ્ન દ્રષ્ટા નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના પ્રમુખ પી.ડી.કાંજીયા ના માર્ગદર્શન હેઠળ પ્રિન્સિપાલ ડો.સંઘવી, ડો.જયવીર પંડયા અને ડો. પરેશ ડોબરીયા સાંપ્રત સમયની જરૂરીયાત અને સરકારના અભિગમથી નવા ફોજદારી કાયદામાં આવનાર ફેરફાર અંગે સેકશન વાઈઝ દરેક કાયદાની વિસ્તૃત છણાવટ સાથે સમજણ આપેલી હતી. આત્મ નિર્ભર ભારત'ના અભિગમ મારફત થનાર ફાયદા તેમજ ન્યાયક્ષેત્રે આવનાર ડીજીટેલાઈઝેશન, ઝડપી ન્યાય અને સાર્વભૌમત્વની સુરક્ષા અંગે રસપ્રદ સમજણ આ તાલીમ સેમિનારમાં આપેલ હતી.

# વંથલી ટોલનાકાના મેનેજર પર કોડીનારના પીઆઈ સહિતના શખ્સોનો ખુની હુમલો

## ઘવાયેલા મેનેજર સહિત બેને સારવારમાં જૂનાગઢ ખસેડાયા: પીઆઈ સહિત ૨૨ શખ્સો સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

વંથલી નજીક આવેલ ગાદોઈ ટોલનાકાએ કોડીનારના પી.આઈ. આર.એ. ભોજાણી સહિતના શખ્સોએ માથાકૂટ કરી હોવાનું સામે આવ્યું છે, ત્યાર પછી અંગે ફરિયાદ કરવા ગયેલા ટોલનાકાના ટીસી અને સંચાલક ઉપર ચાર જેટલી ગાડીઓમાં આવેલા ૨૨ જેટલા શખ્સોએ હુમલો કરીને લુંટ કર્યાનું સામે આવતા પોલીસે પી.આઈ. સહીત ૨૨ જેટલા ઈસમો સામે રાયોટીંગ, હત્યાની કોશિષ, લુંટનો ગુન્હો દાખલ કરીને પકડવા માટે ટીમો દોડાવી છે.





આ અંગેની માહિતી મુજબ જૂનાગઢની હોસ્પિટલમાં હેઠળ રહેલા વંથલી નજીક આવેલ ગાદોઈ ટોલનાકાના સંચાલક રાજેશભાઈ છૈયાએ જણાવ્યું હતું કે, આજે ટોલનાકાએ ટીસી ભાવેશભાઈ મનસુખભાઈ ટાટમીયા ફરજ ઉપર હતા, ત્યારે અચાનક કાળા કલરની સ્કોર્પિયો કાર આવી અને તેમાંથી પી.આઈ. ભોજાણીએ કાર્ડ બતાવ્યું હતું, બાદમાં કાર્ડ નીચે પડી જતા જે મુદ્દે પી.આઈ. સાથે ભાવેશભાઈને રકઝક થયેલ હતી, ત્યારે કારમાંથી બે અજાણ્યા શખ્સો ઉતર્યા અને તેઓએ ટીસી ભાવેશભાઈને બુથમાંથી બળજબરીથી ઉપાડી જવાનો પ્રયાસ કર્યો હતો.

જે મુદ્દે અમો અને ભાવેશભાઈ વંથલી પોલીસ મથકે ફરિયાદ કરવા ગયેલા ત્યારે તે તપાસ માટે વંથલી પીએસઆઈ રાણા ટોલનાકે સીસીટીવી ચેક કરવા અમોને બોલાવતા અમો બંને ટોલનાકે આવતા હતા, ત્યારે રસ્તામાં અચાનક ત્રણ-ચાર કારમાં આવેલા ૨૦ થી ૨૨ જેટલા શખ્સોએ અમોને આંતરીને લોખંડના પાઈપ વડે હુમલો કરીને મોબાઈલ લુંટીને માર માર્યો હતો. જેથી અમોને હાલ જૂનાગઢ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ અંગે એસપી હર્ષદ મહેતાએ કહ્યું કે, હાલ ફરીયાદીની ફરિયાદ ઉપરથી પી.આઈ. ભોજાણી સહિતના ૨૦ થી ૨૨ જેટલા શખ્સો સામે વંથલી પોલીસમાં રાયોટીંગ, હત્યાની કોશિષ, લુંટનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. આરોપી પી.આઈ. હોવાથી કેસની ગંભીરતાને ધ્યાને લઈને ડીવાયએસપી, જૂનાગઢ એસઓજી, એલસીબી, વંથલી પોલીસની અલગ અલગ ટીમો બનાવીને આરોપીઓને પકડવા માટે તજવીજ શરુ કરવામાં આવી છે.


# ચોટીલાની વૃંદાવન સોસાયટીમાં પાડોસીઓએ ચારિત્ર અંગે ખોટી વાતો કરતા મહિલાનો આપઘાત

## મહિલાએ એસીડ પી જીવન ટુંકાવી નાખતા દંપતી સહિત ત્રણ સામે મરવા મજબૂર ર્ક્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ચોટીલામાં આવેલ વૃંદાવન સોસાયટીમાં પાડોસીઓએ મહિલાના ચારિત્ર અંગે ખોટી વાતો ફેલાવતા મહિલાને લાગી આવતા એસીડ પી જીવન ટૂકાવી નાખતા અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ચોટીલા તાલુકા મોટીમોલડી ગામે રહેતા નાનજીભાઈ વીરાભાઈ પરમાર નામના પ્રૌઢે ચોટીલા પોલીસમાં ચોટીલાની વૃંદાવન સોસાયટીમાં રહેતો ડાયા ભાણા વાઘેલા તેની પત્ની કોમલ અને કેતન વીનુ વાઘેલા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, તેની મોટી દીકરી અનિતાના લગ્ન ૧૧ વર્ષ પહેલા વિંછીયા



તાલુકાના મોટા હડમતીયા ગામે રહેતા જેન્તીભાઈ કાળુભાઈ ચાવડા સાથે થયા છે. તેની પુત્રી અનિતા અને જમાઈ જેન્તીભાઈ છેલ્લા ૪ વર્ષથી ચોટીલામાં આવેલ વૃંદાવન સોસાયટીમાં રહે છે. તેને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. ગઈ તા.૨૬/૬ના મોરબી મારા સંબંધીના ઘરે હતો ત્યારે ચોટીલાથી મને ફોન આવેલ કે તમારી દીકરી અનિતાએ પાડોસી ડાયા ભાણા વાઘેલા તેની પત્ની કોમલ તથા કેતન વીનુ વાઘેલા અવારનેઅવાર ઝઘડા કરી તેના ચારિત્ર વિશે ખોટી વાતો કરતા હોય જેથી અનિતાને લાગી આવતા તેણીએ એસીડ પી લીધુ હોય જેથી પ્રથમ સારવાર ચોટીલાની સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવારમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બનાવના પગલે ચોટીલા પોલીસ મથકના પીએસઆઈ અને રાઈટર રાજકોટ ખાતે દોડી આવી મૃતક અનિતાબેનના પિતા નાનજીભાઈની ફરિયાદ નોંધી સામાવાળા ડાયા ભાણા વાઘેલા તેની પત્ની કોમલ અને કેતન વીનુ વાઘેલા વિરુધ્ધ મહિલાને આપઘાતની ફરજ પાડયાની ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી આરોપીઓની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ગોંડલમાં પરિણીતાને મરવા મજબુર કરનાર સાસરિયા સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં રહેતી પરિણીતાએ પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લેતા સારવારમાં ખસેડતા તેણીનું મોત નીપજ્યું હતું. પરિણીતાને તેના પતિ સહિતના સાસરિયાઓ પહેલા ઘરના સંતાન બાબતે ઝગડો કરી ત્રાસ આપતા હોવાથી આ પગલું ભર્યાનું બહાર આવતા ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો છે.

આ અંગેની માહિતી મુજબ માહિતી મુજબ ગોંડલમાં આપઘાત કરી લેનાર પૂનમબેન હિરેનભાઈ રૂપારેલિયા નામની પરિણીતાના ભાઈ ધર્મેશભાઈએ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં બહેનના પતિ હિરેનભાઈ,સસરા કેશુભાઈ, સાસુ હંસાબેન અને દિયર નિકુંજભાઈનું નામ આપ્યું હતું. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે,પૂનમબેનના પ્રથમ લગ્ન થતાં તેમાં તેઓને એક સંતાનની પ્રાપ્તિ થઈ હતી. અને બાદ તેઓના પતિનું મોત થતાં બીજા લગ્ન હિરેનભાઈ સાથે થયા હતા. અને આરોપીઓ તેઓની બહેનને પ્રથમ ઘરના સંતાન બાબતે ઝગડો કરી ત્રાસ આપતા હતા. જેથી કંટાળી પૂનમબેને ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું હતું. હાલ આ મામલે પોલીસે મરવા મજબૂર કર્યાનો ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# ધોકડવાના મહિલા સરપંચના પતિએ મહિલા પાસે અજુગતી માંગણી કરતા પોલીસમાં ફરિયાદ

## અવારનવાર ફોન કરી બિભત્સ માંગણી કરતા બ્યુટી પાર્લરની સંચાલીકાએ નંબર બ્લોક કરી નાંખ્યો

**મુખ્ય સમાચાર, ઊના**

ગીરગઢડાનાં ધોકડવા ગામમાં બ્યુટી પાર્લરનું કામ કરતી બે સંતાનની માતા પાસે ધોકડવા ગ્રામપંચાયત નાં મહિલા સરપંચનાં પતિ એભલભાઈ મથુરભાઈ બાંભણીયા એ ટેલીફોન કરીને કહેલ કે, શુ તમે નવો ધંધો ચાલુ કરેલ છે હોમ સર્વીસ આપો છો તેમ કહી અને ફરીયાદી મહિલાને વસમાં કરવા હેરાન પરેશાન કરતાં હોવાની ગીરગઢડા પોલીસ માં ફરીયાદ નોંધાવતા ભારે ચકચાર ફેલાઈ છે. મહિલા એ એવો આક્ષેપ કરીયાદમાં કર્યો છે કે એકાદ મહીના પહેલા નવાઉગલા ગામે જતી હતી. તે દરમ્યાન વરડી હોટલ પાસે એભલભાઈ ભાંભણીયાએ કહેલ કે, તારી પરર્નાલીટી સારી છે. હુ કહુ તેમ તુ કર એટલે તારી જીદગી સારી બનાવી દઈશ નહીંતર હું તને ધોકડવા ગામમાં બદનામ કરી નાખીશ તેમ કહેલ જેથી મહિલાએ ના પાડતા મહિલા વિશે અભદ્ર ટીપ્પણી કરી હતી. મુળ સુરતનાં રહીશ અને હાલમાં ગીરગઢડાનાં નવાં ઊગલા ગામે રહેતી બે બાળકોની માતાએ અગાઉ પ્રેમ લગ્ન કર્યા હતાં અને બે સંતાન થયાં બાદ પતિ સાથે છૂટાછેડા લીધા



હતાં અને બ્યુટી પાર્લરનું કામ કરી પોતાનું ગુજરાત ચલાવતી હોય અને મનિષભાઈ મથુરભાઈ પાડલીયા સાથે રહે છે. આ મહિલા એ પૂર્વ તાલુકા પંચાયત કારોબારી ચેરમેન અને વર્તમાન ધોકડવા ગ્રામપંચાયતનાં મહિલા સરપંચનાં પતિ એભલભાઈ ભાંભણીયા સામે ગીરગઢડા પોલીસમાં ગત તારીખ ૨૩ જુન ૨૦૨૪નાં રોજ અરજી આપેલ હતી ત્યાર બાદ પોલીસ અધિક્ષક કચેરીમાં મેઈલ કરતાં તાત્કાલિક આ મહિલાને રૂબરૂ બોલાવી સી આર પી સી કલમ ૩૫૪(૧-૨-૩ મુજબ ગીરગઢડા પોલીસે એ ગુન્હો નોંધ્યો હતો. બ્યુટી પાર્લર ચલાવતી મહિલાએ પોતાની ફરીયાદમાં જણાવ્યું હતું કે મહિલા સરપંચનાં પતિ એભલભાઈ બાંભણીયાએ ગત તારીખ ૨૩જુનનાં પોતાનાં ધોકડવા ગામે હતી એ વખતે મારા મોબાઈલ ફોન ઉપર તમે નવો ધંધો ગામમાં શરૂ કર્યો છે તેમ કહીને એભલભાઈએ કહેલ કે હોમ સર્વીસ પણ આપો છો. એમ કહીને મોબાઈલ કાપી નાખેલો એભલ બાંભણીયા છેલ્લા છએક મહીનાથી ફોન કરી મહિલાને ખોટી વાતો કરી હેરાન કરતો હોય જેથી મહિલાએ તેનો નંબર બ્લોક કરી દીધેલ હોય અને એકાદ મહીના પહેલા કરી ફોન કરી મહિલાને કહેલ કે, તમે મારો એક નંબર બ્લોક કરેલ. છે. જેથી હુ જોતો હતો કે મારો બીજો નંબર બ્લોક કરેલ છે કે કેમ એમ વાત કરતા મહિલા એ ફોન કાપી નાખેલ. એભલ બાંભણીયા મહિલાને ફોન કરી તેના વસમાં કરવા માટે અવાર નવાર હેરાન પરેશાન કરતો હોય.તેવો ફરીયાદમાં ગંભીર આક્ષેપ કર્યો છે આ બાબતે ગીરગઢડા પોલીસે તપાસ હાથ ધરી છે. કર્યો છે.

# બોટાદના કરીયાણી ગામે આડા સંબંધનો કરૂણ અંજામઃ સગા ભાણેજની દંપતિએ કરી હત્યા

## મામી સાથે ભાણેજને આડો સંબંધ બંધાયોઃ મકાન બાબતે ઝઘડો થતા મામા-મામી અને તેના પુત્રે હત્યા કરી ફરાર થઈ ગયાઃ પોલીસે ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, બોટાદ**

બોટાદ તાલુકાના કારિયાણી ગામે પોલીસને કાઠી યુવકની તેના જ ઘરમાંથી હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે આ મૃતક નાનપણથી તેના મામા મામી સાથે રહેતો હતો આ સમય દરમિયાન તેને તેની મામી સાથે આડો સંબંધ બંધાયો હતો. સમય જતા મામી-ભાણેજ વચ્ચે સંબંધમાં તિરાડ પડી હતી અને બાદમાં મકાન બાબતે ઝઘડો થતો હતો. આ ઝઘડામાં ઉશ્કેરાઈ જઈ મામા મામી અને તેના દીકરાએ ભાણેજનું ઢીમ ઢાળી દીધાનું ખુલવા પામતા આજ રોજ પોલીસે ત્રણેયને ઝડપી લીધા છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ બાબરા ગામના વતની અને બોટાદ જિલ્લાના કારીયાણી ગામે નાનપણથી મામાના ઘરે રહેતા ભાણેજ દિલીપભાઈ ખાચરનો તેના સગા મામી સાથે





આડોસબંધ હતો. સમય જતાં સંબંધોમાં તિરાડ પડતી ગઈ, જેથી અનેકવાર ઝઘડા થતાં હતા. ત્યાર બાદ ભાણેજ અને મામા વચ્ચે મકાન બાબતે ઝઘડો થતો હતો. અગાઉ થયેલા ઝઘડાની દાઝ રાખીને મામા, મામી અને તેમના દીકરાએ મળીને ભાણેજનું ઢીમ ઢાળી દીધું હતું. ત્રણેય ફરાર થયા હતા. આ ઘટનાને લઈને સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. બોટાદ જિલ્લાના કારીયાણી ગામના દેવકુભાઈ લખમણભાઈ ધાધલના સગા બહેનના દીકરો ભાણેજ દીલીપભાઈ દદુભાઈ ખાચર (ઉં.વ.૩૭ મૂળ ગામ બાબરા)ના જે મામા દેવકુભાઈના ઘરે નાનપણથી રહેતા હતા. ભાણેજ દિલીપભાઈને તેના મામી સાથે આડાસબંધ હતા. તેમજ મકાનની બાબતે મામી મંજુબેન અને સુરેશભાઈ દેવકુભાઈ ધાધલ સાથે બોલાચાલી ઝગડો કર્યો હતો. જેની ઘણા સમયથી માથાકૂટ ચાલતી હતી. જે ગત તારીખ ૨૭ના રોજ ફરીવાર બોલાચાલી થઈ હતી. જેથી મામા દેવકુભાઈ ધાધલ, મામી મંજુબેન ધાધલ અને મામાનો દીકરો સુરેશ દેવકુભાઈ ધાધલે તા. ૨૭ જૂને સાંજના સમયે ભાણેજ દિલીપભાઈને તેના ઘરે માથામાં હથિયારના ઘા મારી મોતને ઘાટ ઉતારી ઘર બંધ કરી ફરાર થઈ ગયા હતા. ત્યાર બાદ મૃતકના ભાઈ ફોન કરતા હતા પરંતુ દિલીપભાઈ ફોન રીસીવ કરતા ન હતા.

જેથી બીજા દિવસે કારીયાણી ગામે દિલીપભાઈના ઘરે તપાસ કરતાં દિલીપભાઈનો હત્યા કરેલી હાલતમાં મૃતદેહ મળ્યો હતો. જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી. તેમજ મૃતકના ભાઈ શિવરાજભાઈ ખાચર કારીયાણી ગામે પહોંચીને શિવરાજભાઈ ખાચરે ફરિયાદ કરતાં પોલીસને જણાવ્યું હતું કે દિલીપભાઈને મામી સાથે આડાસંબંધ હતા તેમજ મકાન બાબતે ઝઘડા થતાં હતા. જેથી તેના મામા, મામી અને મામાના દીકરાએ હત્યા કરી હોવાની ફરિયાદ નોંધાવતાં પોલીસે ત્રણેય વિરૂદ્ધ કલમ ૩૦૨ હેઠળ ગુનો નોંધી આરોપીઓને પકડવા શોધખોળ હાથ ધરી હતી. કારીયાણી ગામે ગત તારીખ ૨૭ જૂને દિલીપભાઈ ખાચર નામના વ્યક્તિની હત્યા થયેલી જેથી પોલીસ તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા મૃતક દિલીપભાઈને તેના મામી મંજુબેન સાથે આડાસબંધ હોવાનું બહાર આવ્યું હતું. જેથી તેને અવારનવાર ઝઘડો થતો હતો. તેમજ ૨૭ જૂને રાત્રિના ફરીવાર ઝઘડો થયો હતો. તેથી ત્રણેય લોકોએ દિલીપભાઈના ઘરે જઈને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હતી. ફરિયાદના આધારે આરોપીઓને પકડવા પોલીસે અલગ અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરતા પોલીસે ભાણેજ દિલીપભાઈ ખાચરની હત્યા કરનારા તેના મામા દેવકુભાઈ, મામી મંજુબેન અને તેમના દીકરો સુરેશભાઈની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. જે સમગ્ર ઘટના મામલે બોટાદ ડિવાયેસપી મહર્ષિ રાવલે મીડીયાને માહિતી આપી.

# કુવાડવા રોડ પર વીજશોક લાગતા કારીગરના મોતના કેસમાં રૂા.૨.૧૫ લાખનું વળતર ચુકવવા હુકમ

## હાઈકોર્ટે લેબર કોર્ટનો હુકમ માન્ય રાખી કોન્ટ્રાકટરની અરજી ફગાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કુવાડવા રોડ ઉપર ધકાણ હોસ્પિટલનું બિલ્ડિંગ બાંધવાના કામ દરમિયાન ચાલુ ફરજે ઇલેક્ટ્રીક શોક લાગવાથી પડી જવાને કારણે કારીગરનું મૃત્યુ થયાના વર્કમેન કોમ્પેન્સેશન એક્ટ હેઠળના ૨૩ વર્ષ પહેલાના કેસમાં લેબરકોર્ટ દ્વારા વારસદારોને ત્યાં ૨.૧૫ લાખનું વળતર ૧૨% વ્યાજ સાથે અને ૫૦% પેનલ્ટી ચૂકવવાના હુકમ સામેની કોન્ટ્રાક્ટરની અપીલ હાઇકોર્ટ દ્વારા રદ કરીને રાજકોટ લેબરકોર્ટનો હુકમ કાયમ રાખવામાં આવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ રાજકોટના કુવાડવા રોડ ઉપર ૨૦૦૧ની



સાલમાં કોન્ટ્રાક્ટર કાંતિભાઈ ચોટલીયા હસ્તક ધકાણ હોસ્પિટલ બિલ્ડિંગનું બાંધકામ ચાલી રહ્યું હતું, જે દરમિયાન કોન્ટ્રાક્ટરના કારીગર હિતેશ ખેંગારભાઈને ઇલેક્ટ્રીક શોક લાગતા નીચે પડી જવાથી તેમનું મૃત્યુ થયું હતું. આ અંગે ગુજરનાર હિતેશભાઈના વારસદારો દ્વારા લેબરકોર્ટમાં વર્કમેન કોમ્પેન્સેશન એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં લેબર કોર્ટે ૨૦૧૫ની સાલમાં આપેલ ચુકાદામાં મૃતકના વારસદારોને રૂપિયા ૨,૧૫,૮૩૫ રકમ ૧૨% વ્યાજ સાથે અને ૫૦% પેનલ્ટી ચૂકવવા કોન્ટ્રાક્ટરને હુકમ કર્યો હતો. પરંતુ કોન્ટ્રાક્ટરે લેબરકોર્ટના આ ચુકાદા સામે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. તેમાં વળતર ચૂકવવાની જવાબદારી ધકાણ હોસ્પિટલની છે અને લેબર કોર્ટ દ્વારા કોન્ટ્રાક્ટરને બચાવની કોઈ તક આપવામાં આવી નહીં હોવાના મતલબની રજૂઆતો કરી હતી. આ સામે મૃત્યુ પામનારના વારસદારો અને તેમના વકીલ દ્વારા હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે, તારીખ ૧૮/ ૭/ ૨૦૦૧ના રોજ અકસ્માત થયેલ હોવા છતા સામાવાળાઓએ કોઈ વળતરની રકમ કમિશનર ફોર વર્કમેન કોમ્પેન્સેશન સમક્ષ જમા કરાવેલ ન હતી, આથી કમિશનરે સદરહુ કાયદાની કલમ- ૪(અ)ની પેટા કલમની જોગવાઈ મુજબ ૧૨ % વ્યાજ અને ૫૦ % પેનલ્ટી ચુકવવાનો જે હુકમ કરેલ છે, તે વ્યાજબી છે. જે ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટે કોન્ટ્રેકટર કાન્તીભાઈ ચોટલીયાએ દાખલ કરેલ ફર્સ્ટ અપીલ ડિસમિસ કરીને લેબર કોર્ટ, રાજકોટનો ચુકાદો કાયમ રાખ્યો છે. આ કામમાં અરજદારો વતી ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ પી.આર. દેસાઈ અને લેબર કોર્ટમાં બી.એમ. માવાણી રોકાયા હતા.

# ડ્રીમ સીટી પાછળ અવાવરૂ સ્થળે યુવાનની હત્યા કરાયેલી લાશ મળી

## રૈયાધાર મચ્છોયાનગરનો યુવાન ફેરી કરવા ગયા બાદ લાપતા બન્યો'તોઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રૈયાધાર મચ્છોયા નગર વિસ્તારમાં રહેતો વિનોદ દિનેશભાઈ વઢિયારા ઉ.વ.૨૨ નામનો દેવીપૂજક યુવક ભંગારની ફેરી પણ કરતો હતો અને શાકભાજી પણ વહેંચતો હતો. શનિવારે સવારે વિનોદ તેની ટ્રાયસીકલ લઈ ભંગારની ફેરી કરવા માટે નીકળ્યો હતો. બાદમાં બપોર સુધી ઘરે ન આવતા તેની માતાએ તેને ફોન કરી ઘરે આવવાનું કહેતા વિનોદે હમણા આવુ છું તેમ કહી ફોન કાપી નાખ્યો હતો. પરંતુ ચાર વાગ્યા બાદ પણ પુત્ર ઘરે ન આવતા માતાએ ફરી ફોનકર્યો હતો. ત્યારે વિનોદનો ફોન સ્વીચઓફ આવવા લાગ્યો હતો. જેથી પરિવારના અન્ય સભ્યોને જાણ કરતા





તેઓએ વિનોદની શોધખોળ શરૂ કરી હતી. છતાં પણ તેનો કોઈ પતો લાગ્યો ન હતો. આથી ગત રાત્રીના પરિવારજનોએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ગુમ થયા અંગેની જાણ કરી હતી. ત્યારે પોલીસે ૨૪ કલાક રાહ જોવાનું કહ્યું હતું.

રવિવારે બપોર સુધી પણ વિનોદ પરત ફર્યો ન હતો અને તેમના સગાસબંધીઓ દ્વારા શહેરમાં ચોતરફ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ડ્રીમસીટી પાસે અવાવરુ જગ્યા તરફ જવાના રસ્તેથી વિનોદની ટ્રાયસીકલ જોવા મળતા પરિવારજનો અને સગાસંબંધીઓએ તુરંત ત્યાં ધસી આવી અવાવરુ જગ્યામાં અંદર શોધખોળ શરૂ કરી હતી ત્યારે ડ્રિમસીટીના પાછળના ભાગે થોરની વાડ પાસેથી વિનોદની માથુ છુંદેલી હાલતમાં લાશ મળી આવી હતી. આથી પરિવારજનો તે જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા અને ભારે આક્રંદ કરી મુક્યો હતો. આ ઘટના અંગે યુનિવર્સિટી પોલીસ મથકને જાણ કરાતા ઈન્ચાર્જ પી.આઈ. કૈલા સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં વિનોદ વઢિયારાની માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા કરવામા આવી હોવાનું ખુલવા પામ્યું છે. આ ઉપરાંત મૃતક વિનોદને સંતાનમાં દોઢ વર્ષની પુત્રી હોવાનું અને પત્ની હાલ પુત્રી સાથે પિયર હોવાનું જાણવા મળ્યું છે. વિનોદ બે ભાઈ એક બહેનમાં મોટો હોવાનું જાણવા મળ્યું છે.

# ગોંડલ પાસે ખાનગી ટ્રાવેલ્સની બસનું ટાયર નીકળી જતા પલ્ટી ખાઈ ગઈ

## મુસાફરોને સામાન્ય ઈજા સદનસીબે કોઈ જાનહાની ન થઈઃ અકસ્માત બાદ ડ્રાઈવર ફરાર

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના ગુરુકુળ પાસે નેશનલ હાઇવે પર ખાનગી ટ્રાવેલ્સની બસનો અકસ્માત સર્જાયો હતો. જો કે અકસ્માત સર્જાયા બાદ બસનો ડ્રાઈવર નાસી છૂટયો હતો.

રાજકોટ-ગોંડલ નેશનલ હાઇવે પર જુનાગઢ તરફથી આવતી પેસેન્જર ભરેલી બસનું પાછળનું ટાયર નીકળી જતાં બસ પલટી મારી ગઇ હતી. આ દુર્ઘટના તાલુકા



પોલીસ સ્ટેશન નજીક પહોંચતા સર્જાય હતી. બસમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો છે. જો કે અકસ્માત સર્જાયા બાદ ટ્રાવેલ્સનો ચાલક બસને મૂકીને ભાગી નીકળ્યો હતો.

આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થયાના સમાચાર નથી. પરંતુ બસ પલટી મારી જતાં આખો નેશનલ હાઈવેનો એકબાજુનો ભાગ બંધ થયો હતો. આથી હાઈવે પણ ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. પલટી મારી ગયેલ બસમાંથી ડીઝલ ઢોળાવાથી હાઈવે પર ડીઝલના વહેણ વહેતા થયા હતા. ઘટનાની જાણ થયા બાદ ગોંડલ ઇ ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરીને ટ્રાફિક કંટ્રોલની કામગીરી કરી હતી.

# નવાગામના ટ્રાન્સપોર્ટનગરના ગોડાઉનમાંથી ટીવી અને હોમ થિયેટરની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગામ ટ્રાન્સપોર્ટમાં આવેલી મારુતિ એન્ટરપ્રાઈઝ નામની પેઢીના ગોડાઉનમાંથી તસ્કરો દસ ટીવી અને બે હોમથિયેટર ચોરી જતાં કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

માહિતી મુજબ જીવરાજ પાર્કમાં રહેતા વિવેક રજનિકાંતભાઈ ચનીયારા નામના વેપારી નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ નવાગામ ટ્રાન્સપોર્ટમાં મારુતિ એન્ટરપ્રાઇઝ નામની પેઢીનું ગોડાઉન ધરાવે છે. તેઓ ગત તા. ૨૮ના ગોડાઉન બંધ



કરીને ગયા ત્યારે કોઈ તસ્કર ગોડાઉન પાસેના થાંભલા પર ચડીને ગોડાઉનમાં પ્રવેશ કરી તેમાં રહેલા ૩૨ ઇંચના ૬ ટીવી, ૪૩ ઇંચના ૪ ટીવી અને ૨ હોમથીયેટર તથા ૨ સાઉન્ડ બાર મળી કૂલ રૂ.૨.૫ લાખની ચોરી કરી જતાં કુવાડવા પોલીસના પીઆઇ વી.આર. રાઠોડે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે તપાસ શરૂ કરી છે.

# જામનગર રોડ પર ૨૫ વારિયામાં ત્રણ શખ્સોએ દુકાનમાં તોડફોડ કરી આગ ચાંપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ ઘંટશ્વર ૨૫ વારીયા કવાર્ટરમાં રહેતા અને બાજુમાં જ નોંનવેજની દુકાન ધરાવતા રશીદભાઈ કુરેશીએ ગાંધીગ્રામ પોલીસમાં વનરાજ ઉર્ફે વિશાલ ભગુભાઈ રાઠોડ, રવિ રસીકભાઈ મકવાણા,શિવમ કીરીટભાઈ ગોહેલ સહીતના સામે ફરીયાદ નોંધાવી છે કે ગત.તા.૨૭ના દસ વાગ્યા આસપાસ ઉપરોક્ત સરનામે દુકાને હતો ત્યારે ત્રિપુટી મારી દુકાને આવેલ અને તારી દુકાન ખુબ સારી ચાલે છે.તેમ કહી જેમ તેમ બોલતા હતા.બાદમાં આરોપી શિવમ પાસે લોખંડનો પાઈપ હતો તે પાઈપ દુકાન બહાર લગાવેલ લાદીમાં મારી તોડી નાખેલ જેથી લાદી તોડવાની ના પાડતા ત્રિપુટીએ ગાળો બોલવા લાગેલ અને આરોપી રવિ પાસે છરી જોયેલ જેથી આ ત્રણેય ઝઘડો કરશે તેવી બીકે મારી પત્નિ સાથે દુકાનથી થોડે દુર જતાં રહેલ હતા.બાદમાં આરોપીઓએ દુકાન આગળ વાંસની પટ્ટીઓ તથા તાલપત્રીથી બનાવેલ છાપરૂ બનાવેલ જે સળગાવી નાખતાં દુકાનનો તમામ સામાન બળી ને ખાખ થઈ જતાં આશરે રૂ.૧૦ હજારનું નુકશાન કરેલ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટની ભાગોળે મહિકા ગામે પ્રૌઢ પર કુહાડી વડે ચાર શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના મહિકા ગામે બાલાજી સ્ટોન કરસર પાસે રહેતા સવજીભાઈ ખીમાભાઈ ગોહેલ નામના પ્રૌઢ ગઈકાલે પોતાના ખેતરે હાજર હતા ત્યારે ગામમાં રહેતો પ્રફુલ રવજી ગોહેલ, રવજી ચકુ ગોહેલ, ભાવેશ જગદીશ તથા હેંમત મનસુખ સહિત ચાર શખ્સોએ ત્યાં આવી ખેતરના સેઢામાં પથ્થર નાખતા હોય જેથી ના કહેતા આ ચારેય શખ્સોએ એક સંપ કરી કુહાડી વડે હુમલો કરી માથામાં તથા શરીરના ભાગે ગંભીર ઈજા કરી નાસી જતા આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ ડી.જે.જાડેજાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT